અકલંક ગ્રંથમાળા પુષ્પ-૭૬

# અકલંક આત્મકથા

: લેખક :

તપસ્વી મુનિશ્રી અકલંક વિજયજી મહારાજ

# છપાયેલ પુસ્તકોની યાદી

૧. કલ્યાણક સ્તવન ટોડર
૨. ઋષભદેવ ચરિત્ર
૩. શાંતિનાથ ચરિત્ર
૪. નેમિનાથનેકૃષ્ણ ચરિત્ર
૫. પાર્શ્વનાથને આદીનાથ ચરિત્ર
૬. મહાવીર ચરિત્ર
૭. જૈન રામાયણ
૮. ચેઈય થયથુઈસજ્ઝાય માળા
૯. શુકરાજાની કથા
૧૦. સમક્તિના સડસઠ બોલની સજ્ઝાય સાર્થ
૧૧. અકલંક વિજયનું જીવનચરિત્ર
૧૨. કુમારપાળ ચરિત્ર
૧૩. ભક્તામર અર્થકથા સહિત
૧૪. છકર્મગ્રંથસાર ભા–૧
૧૫. નળદમયંતી ચરિત્ર
૧૬. પ્રકરણ ભાષ્યસાર
૧૭. જૈન કથાઓ ભા–૧
૧૮. છ કર્મગ્રંથ સાર ભા–૨
૧૯. જૈન કથાઓ ભાગ–૨
૨૦. સજ્ઝાયમાળા
૨૧. ભોગોપભોગવિરમણવ્રત
૨૨. કુવલયમાળા કથા.
૨૩. સામાયીક પ્રતિક્રમણને અષ્ટકર્મ ઉપરની કથાઓ
૨૪. તિલકમંજરી
૨૫. જૈન કથાઓ ભા–૩
૨૬. વૈરાગ્યનું અમૃતયાને સમરાદિત્ય ચરિત્ર
૨૭. ઋષભદેવ ચરિત્ર સ્તવનો સાથે
૨૮. શાન્તિનાથ ચરિત્ર સ્તવનો સાથે
૨૯. નેમિનાથ ચરિત્ર સ્તવનો સાથે
૩૦. પાર્શ્વનાથ ચરિત્ર સ્તવનો સાથે
૩૧. મહાવીર ચરિત્ર સ્તવનો સાથે
૩૨. જૈન રામાયણ
૩૩. ભક્તિ મુક્તિ પર્યૂષણ પર્વમાળા

( અનુસંધાન ટાઈટલ ૩ ઉપર )

શ્રી પરમાત્મને નમઃ                    શ્રી ગુરવે નમઃ

અકલંક ગ્રંથમાળા પુષ્પ-૭૬

# અકલંક આત્મકથા


: પ્રકાશક :

અકલંક ગ્રંથમાળા

ઠે. વાસુપૂજ્ય જૈન દેરાસર મામલતદાર વાડી રોડ,
નં.-૩ મલાડગેસ્ટ-૪૦૦૦૬૪.



: લેખક :

તપસ્વી મુનિશ્રી અકલંક વિજયજી મહારાજ



સં. ૨૦૪૫ * નકલ : ૧૦૦૦ * મૂલ્ય : અમૂલ્ય

# યોજના

શ્રી. અકલંક ગ્રંથમાળા તરફથી જૈન ધર્મના અત્યુત્તમ પુસ્તકો છપાય છે. તેમાં યથાશક્તિ ભાગ લેવા વિનંતી છે. જ્ઞાનદાન સર્વોત્કૃષ્ટ દાન છે. રૂ. ૧૦૦૧, આપવાથી પેટ્રન થવાય છે અને છપાતા હજાર પુસ્તકમાં ફોટો જીવન ઝરમર લેવાય છે.

રૂ. ૫૦૧, આ જીવન સભ્યના છે.

રૂ. ૨૫૧, પાંચ વર્ષના સભ્યના છે.

રૂ. ૧૦૧, એક વર્ષના સભ્યના છે.

ઉપર મુજબ કે તેથી વધુ આપનારનું નામ પુસ્તકમાં લેવાશે. હાજર પુસ્તકોનું લીસ્ટ પાછળ આપ્યું છે. તેમજ કુલ એકાશી પુસ્તકો છપાયાં છે અને સત્તાવીસ બાકી છે. એટલે એકસો આઠ છપાવાની ધારણા છે. પૂ. સાધુ સાધ્વીઓને તેમજ જ્ઞાનભંડારને આ પુસ્તકો ભેટ અપાય છે. તેમજ શ્રાવક શ્રાવીકાને ઓછામાં ઓછા રૂ. ૧૦૧, ભેટ મોકલવાથી હાજર પુસ્તકો ભેટ અપાય છે. પુસ્તકોનું વેચાણ થતું નથી. ભેટ રકમ લેવાય છે અને ભેટ પુસ્તકો અપાય છે. ભેટ રકમની પહોંચ અપાય છે અને પુસ્તકમાં નામ પણ છપાય છે સાધુ સાધ્વીઓને વિનંતી કરવામાં આવે છે કે આપ ઉપધાન ઉજમણાં પ્રસંગે મહોત્સવ પ્રસંગે અમોને સારી રકમ મોકલાવશો તો આપના કહેવા મુજબ પુસ્તકો છપાવી શું વર્ષીતપ, સિદ્ધિતે ઉપધાનાદિમાં પ્રભાવના માટે પડતર કિંમતે પુસ્તકો અપાશે.

લિ.

અકલંક ગ્રંથમાળા

ઠે. વાસુપૂજ્ય સ્વામી જૈનદેરાસર
મામલતદાર વાડી રોડ, નં.–૩
મલાડવેસ્ટ–૪૦૦૦૬૪

# ટૂંક પરિચય

આત્મકથા લખવાનું મુનિઓ માટે અયોગ્ય છે તેમ જ્ઞાનીઓ જણાવે છે કારણ કે તેમાં સ્વપ્રશંસા થાય છે. બીજી દૃષ્ટિએ, લોકો ધર્મ તરફ કેમ વળે તે હેતુથી સંસાર સ્વાર્થમય છે તે દાખલા દલીલ સહિત આત્મકથા દ્વારા સમજાવાય છે. આમાં સ્વપ્રશંસા કે પરનિંદા કરવાનો કંઈપણ હેતુ નથી. જર જમીનને જોરૂ એ ત્રણ કજીયાનાં છોરૂ છે. તેમ જ કંચન કામિનિ કુટુંબને કાયા જીવોને સંસારમાં રૂલાવે છે. તેની મમતા છૂટે તો જીવ આત્મવિકાસ સાધે. તે મારા જીવનમાં શી રીતે બને છે. તે સમજાવી સર્વ જીવો સંસારથી ઉભગીને ચારિત્ર ગ્રહણ કરી આત્મહિત સાધે, એ હેતુથી આત્મકથા લખી છે. જેમકે કંચનનો મોહ છોડવા પરિગ્રહનું પરિમાણ કરવું. કામિનીનો મોહ છોડવા. ઘર-સંસારથી અલગ થવું. વાનપ્રસ્થ કે સંન્યાસશ્રમ લેવો કાયાનો મોહ છોડવા બને તેટલી તપસ્યા કરવી, કુટુંબનો મોહ છોડવા સંસાર છોડી ચારિત્ર લેવું તે બધું માનવજીવનમાં શક્ય છતાં પુરુષાર્થ ન ફોરવવાના કારણે અઘરૂં લાગે છે. પ્રમાદ છોડી ધર્મક્રિયામાં લાગી જવું એ મારા પોતાના આત્મવૃત્તાંત દ્વારા સમજાવી સૌ યથાશક્તિ પ્રયત્ન કરે તો આત્મવિકાસ સાધી. મોક્ષ થોડા જ ભવોમાં મેળવે તે નિઃશંક નિઃસંદેહ વાત છે. આત્મા ધારે તે કરી શકે છે, દેહં પાતયામિ વા કાર્યં સાધયામિ. એ સૂત્ર ગોખી પુરુષાર્થ ફોરવે તો જરૂર આત્મવિકાસ સાધશે.

પહેલી પચીશી જ્ઞાનાભ્યાસમાં ગાળવી બીજી પચીશી અર્થકામમાં ગાળવી. ત્રીજી પચીસી, વાનપ્રસ્થતરિકે ગાળવી ચોથી પચીશી–સન્યાસાશ્રમમાં ગાળવી એ રાજમાર્ગ છે, તે મુજબ મેં મારાથી બનતું કર્યું છે તેમાં કંઈપણ અતિ-શયોક્તિરૂપે લખ્યું નથી. પચીસ વર્ષ સુધી મારા ક્ષયોપશમ મુજબ ધાર્મિકને વ્યવહારીક કેળવણી લીધી છે.

પચીસ વર્ષે લગ્ન થયા પછી બીજાં પચીસ વર્ષ ગૃહસ્થ જીવનમાં ગાળ્યાં છે. વનમાં આવ્યા પછી એટલે એકાવનથી ચોસઠ એટલે ચૌદ વર્ષ અધ્યાપક તરીકે બહારગામ રહીને ગાળ્યાં છે. પાંસઠ વર્ષે દીક્ષા લીધી છે દશ વર્ષ દીક્ષા પર્યાયમાં એકાશી પુસ્તકો છપાવ્યાં છે. આજે પંચોતેર વર્ષે આ આત્મકથા લખવા પ્રેરાયો છું. એકસો આઠ પુસ્તકનું પ્રકાશન કરવું અને બીજી સો ઓળી પુરી કરવાની ઉમેદ છે. શાસન-દેવ મારી ઈચ્છા પુરી કરે. એમ ઈચ્છું છું. સર્વે જીવો આ બાબત વાંચીવિચારી, આત્મવિકાસ સાધે એજ અભ્યર્થના.

# પ્રસ્તાવના

## ત્યાગી તપસ્વીના જીવન અંગે અભિપ્રાય

सम्यग् दर्शन ज्ञान चारित्राणि मोक्षमार्गः

પરમાત્માના અવિચળ અને અવિહડ શાસનમાં દેવ-ગુરૂની મહત્તા ખૂબ આંકેલી છે. પરમાત્માનું શાસન જે એકવીસ હજાર વર્ષ ચાલવાનું છે. તેમાં ગુરૂ ભગવંતનો ફાળો ખૂબ મહત્વનો છે. તેમના જેટલા ગુણગાન ગાઈએ તેટલા ઓછા છે.

જયાં જયાં સાધુ-સાધ્વીજી ભગવંતો ચાતુર્માસ બિરાજમાન હોય છે ત્યાં ત્યાં આરાધના ત્યાગ તપની રેલમછેલ વર્તાઈ જાય છે અને ઓચ્છવ મહોત્સવના મંડપો રોપાય છે. અને દેરાસર-ઉપાશ્રય આરાધકોથી ગાજતા બની જાય છે. ચાતુર્માસ વિનાના સ્થાનમાં નિરવ શાંતિ વ્યાપી છે.

હું એક એવા મુનિરાજના જીવન અંગેનો અભિપ્રાય લખી રહ્યો છું કે તેમની જેટલી પ્રશંસા કરૂં એટલી ઓછી છે. જેઓનું નામ પણ કેવું રૂડું રૂપાળું છે. જેમના જીવનમાં જાણે કોઈ જાતનું કલંક જ ન હોય તે ત્યાગી તપસ્વી મુનિવર્યનું નામ જ અકલંક વિજયજી છે. આજે પંચોતેર વર્ષની વયેવૃદ્ધ ઉંમરે પણ એક યુવાનને શરમાવે એવા કાર્યમાં નિમગ્ન બનેલ છે. પોતાનું દરેક કામ પોતાની જાતે જ કરે અરે પંદર વીસ કિલોમીટર વિહાર તો હસતાં હસતાં કરે. આટલો વિહાર હોવા છતાં એમના મોં પર જરાય થાક દેખાય નહિ.

અરે પોતાનું કામ તો ઠીક પણ બીજા મોટા સાધુની સાથે હોય તો તેમનું કામ વૈયાવચ્ચ આનંદથી કરે. કામ કરવામાં જરાય ગ્લાન-થાકનો અનુભવ દેખાય જ નહિ. આવા એ મુનિરાજના પ્રશંસનીય જીવનની જેટલી અનુમોદના કરીએ તેટલી ઓછી છે.

મારો અને એમનો ખૂબ જૂનો પરિચય છે હું તો એમને સંસારી પણાથી ઓળખું છે. હમણાં થોડા સમયથી મારી સાથે છે અને સાથે રહેવા માંગે છે. આ ઉંમરે આવું સુંદર જીવન જીવવું એ મહાપુરૂષને જ અવલંબે છે. કેવું સુંદર પુણ્યબાંધીને આવ્યા હશે કે મોટી ઉંમરે સંસારના તમામ લાડી-વાડી ગાડીના સંબંધોનો ત્યાગ કરી. સંયમ અંગીકાર કર્યો અને સંયમ અંગીકાર કર્યા પછી નિરંતર સંયમની આરાધનામાં જ મશગુલ રહ્યા છે.

આજે જગતની અંદર જૈન શાસનમાં એવા માણસો છે. જેમણે આયંબીલ કરવું પણ ભારે પડે છે. જ્યારે આ તપસ્વી મુનિ રાજશ્રી અકલંક વિજયજી મ. ને વર્ધમાન તપની ૧૪૫ ઓળી થયેલ છે જેમ બને તેમ જલદીથી બસ્સો ઓળી પૂર્ણ કરવાની ઉત્તમ ભાવના ભાવી રહ્યા છે.

અરે એમની લેખન શક્તિ પણ એવી જોરદાર છે કે જૈન શાસનમાં દસ વર્ષના ટૂંકા સંયમ પર્યાયમાં ૮૧ પુસ્તકોનું લખાણ કરી છપાવનાર વ્યક્તિ (સાધુ) કદાચ આ પ્રથમ નંબરના હશે. જેમ બને તેમ જલદીથી ૧૦૮ પુસ્તકો પૂર્ણ કરવાની ભાવના સેવી રહ્યા છે. શાસનના અધિષ્ઠાયક દેવો તેમના તે કાર્યમાં સહાય કરે અને ગુરૂદેવો તેમને શુભ આશીર્વાદ આપે એવી અંતરની પ્રાર્થના.

આવા એ ત્યાગી-તપસ્વી મુનિપ્રવર અકલંક વિજયજી મ. સા. ના જીવન અંગેના અભિપ્રાય પાનાં ના પાનાં ભરીએ તો પણ ઓછા થાય ટૂંકમાં એજ પૂજ્ય મુનિરાજ દીર્ઘાયુષ જીવે. તેમના જીવનના ધ્યેયમાં ખૂબ જ આગળ વધે અને શાસનની સેવા ખૂબ જ કરે એજ અંતરની અભિલાષા સાથે આ અભિપ્રાય અંગેનું લખાણ અંતરના ઉમળકાપૂર્વક શુભ ભાવના સાથે પૂર્ણ કરું છું.

પરમાનંદ શ્વે. મૂ. પૂ. જૈન ઉપાશ્રય વીતરાગ સોસાયટી પ્રભુદાસ ઠક્કર કોલેજ રોડ, પાલડી, અમદાવાદ.

લિ.
પૂ. આ. લબ્ધિસૂરીશ્વરજી
મ. સા. ના શિષ્ય રત્ન
મુનિરાજ શ્રી ચંદ્રશેખર
વિજયજી મ. સા.
સંવત ૨૦૪૫ ના પોષ સુદ-૫
ગુરુવાર તા. ૧૨-૧-૮૯

# કથાની 'કથા'

'જૈન સાધુ આત્મકથા લખે?' એવો પ્રશ્ન કદાચ કોઈક વ્યક્તિના અજ્ઞાતમનમાં થાય. આ પ્રશ્નનો ઉત્તર 'હા' અને 'ના' એમ બંને રીતે આપી શકાય તેમ છે. માત્ર આત્મશ્લાઘાની ભાવના હોય કે પ્રસિદ્ધિ મેળવવાની કામના હોય તો જૈન મુનિ સ્વાભાવિક રીતે જ એ દિશામાં ઉદાસીન રહે, કિન્તુ બીજી રીતે વિચારીએ તો પોતાના જીવનમાં બનેલા બનાવોની નોંધ દ્વારા સંસારની નઠોરતા અને કઠોરતા તરફ અંગુલિનિર્દેશ કરી શકાતો હોય અને પ્રાથમિક

સ્તરના જીવોને એમાંથી કંઈક પ્રેરણા મળી શકે એમ હોય તો એવી સ્થિતિમાં સાધુને મન એ મનગમતી વાત બની જાય છે.

જૈન ત્યાગીની આત્મકથાનો સૌથી પ્રાચીન દાખલો આપણને સુવિખ્યાત તરંગવતી કથામાં મળે છે. મૂળે તો એ એક જૈન સાધ્વીની 'આત્મકથા' જ છે. સુપ્રસિદ્ધ જૈનાચાર્ય પાદલિપ્તસૂરિએ એ આત્મ-કથાને શબ્દદેહ આપ્યો છે.

ઉપમિતિભવપ્રપંચા કથા નામની વિરાટ રૂપક કથા પણ ગ્રંથ-લેખક સિદ્ધર્ષિ ગણિના શબ્દોમાં કહીએ તો એક પ્રકારની આત્મકથા જ છે. એની વિશેષતા એ છે કે એ વિશ્વની સમગ્ર ચેતનાસૃષ્ટિને આબાદ લાગુ પડે છે.

મહામંત્રી અભયકુમાર સામે મુનિઓએ પોતાનું જીવનવૃત્તાંત જણાવ્યું હોવાની વાતો જૈન સૂત્રોમાં જાણીતી છે. અનાથીમુનિની આત્મકથા તો ઘર ઘરમાં જાણીતી છે.

આ બધા સંદર્ભોને નજર સામે રાખતાં, પ્રસ્તુત આત્મકથા વિષે આપણને આશ્ચર્ય ન થવું જોઈએ.

મુનિ શ્રીઅકલંકવિજયજી મહારાજની આત્મકથા જ્યારે વાચકોના હાથમાં છે ત્યારે એક કર્મવીર વ્યક્તિ ધર્મવીર બનીને કેવી રીતે સંઘર્ષની ખીણમાંથી સંન્યાસની સાંકડી કેડી કંડારે છે એ આપણને જાણવા મળે છે.

નીરક્ષીર જુદાં પાડવાની કળા હોય તો આ આત્મકથા પ્રત્યેક વાચકના હૃદયના ઊંડાણમાં પ્રેરણાનો દીપક પ્રગટાવશે એ વિષે શંકા નથી. મુનિશ્રીના વિષયમાં હું કંઈ લખું એ તો સૂર્યનો પરિચય કરાવવા બરાબર થશે.

ચૈત્રી નૂતન વર્ષ
૭–૪–૧૯૮૯

—મુનિ મિત્રાનંદ સાગર

સમૌ નિવાસી

ધર્માત્મા નગીનભાઈ ભાઈચંદભાઈ



જેઓ અંતિમ આરાધના સુંદર રીતે કરી ૨૦૨૧ ના
મા. સુ. ૪ ના અખંડસમાધિ ભર્યું મૃત્યુ મેળવી ગયા.

# સમૌ નિવાસી

ધર્માત્મા નગીનભાઈ ભાઈચંદભાઈ દોશી ધર્મ પ્રેમી ૮૦ વર્ષની વયે સંવત ૨૦૨૧ ના માગસર સુદ ૪ ના દિને સમાધિભર્યા મૃત્યુને પામ્યા. આજીવન જીનશાસન પરત્વે નિષ્ઠા, શ્રદ્ધા અને ભક્તિમાં ભેખધારી શ્રી નગીનભાઈનું કુટુંબ વૃક્ષ એજ પ્રણાલીને પરંપરાને અનુસરી શ્રીમદ્ મહારાજા આચાર્ય ભગવંત રામચંદ્ર સૂરીશ્વરજીની શુભ નિશ્રામાં જીનશાસન પરત્વે નિષ્ઠાપૂર્વક ભક્તિ કરી રહ્યું છે, પ્રાતઃ સ્મરણીય શ્રી નગીનભાઈની પ્રેરણાદાયી ભક્તિ પરંપરા હજી પણ તેમના કુટુંબને આધ્યાત્મિક જીવન શક્તિનો સ્તોત્ર પુરો પાડી રહી છે.

# મુનિ અકલંક આત્મકથા

**જન્મ સ્થળ ને માતાપિતા :** મારો આત્મા અનંતાનંત પુદ્ગલ પરાવર્તનથી ભટકતો મહાન પુણ્યોદયે દશદૃષ્ટાંતે દુર્લભ એવો મનુષ્ય જન્મ પામ્યો. તેમાં વળી આર્યક્ષેત્ર ઉત્તમકૂળ, પંચેન્દ્રિયની પટુતા સદ્‌ગુરૂનોયોગ મળે તેવા મહેસાણા જીલ્લાના લીંચ ગામમાં પિતા શિવલાલ તારાચંદ અને માતા ડાહીબેન નીકુક્ષીએ વિ૦સં૦૧૯૭૦ ના ફાગણ શુકલ પંચમીએ જન્મ થયો. મહેસાણાથી અમદાવાદ જતા હાઈવેરોડથી દશ કીલોમીટરે લીંચનું પાટીયું આવે છે. ત્યાંથી ત્રણ કીલોમીટર જમણાહાથે લીંચ ગામ આવે છે. તે ગામમાં અમારૂં કુંટુંબ સાત પેઢીથી વસવાટ કરી રહ્યું હતું. સાતમી પેઢીના પૂર્વજ સિંગજીભાઈ ને પ્રતાપસિંહ નામે પુત્ર હતો. તેને બે પુત્ર અમરચંદને સુરચંદ નામે થયા. અમરચંદને મીઠાચંદ નામે પુત્ર અને સુરચંદને ભાઈચંદ નામે પુત્ર થયો. મીઠાચંદને દ્વારકાદાસ નામે પુત્ર અને ભાઈચંદને પ્રેમચંદ નામે પુત્ર થયો. દ્વારકાદાસને જીવાચંદને અમથાલાલ નામે બે પુત્ર થયા. પ્રેમચંદને રામચંદ નામે પુત્ર થયો. જીવાચંદ ને ડાહ્યાલાલ નામે પુત્ર અને અમથાલાલને મગનલાલ ને શીવલાલ નામે બે પુત્રો થયા. ડાહ્યાલાલને વાડીલાલ અને ત્રિભોવનદાસ નામે બે પુત્ર તેમ જ મણી, મંગુ, ડાહી, ચંદણ વગેરે પુત્રીઓ થઈ માંરૂં નામ આ મણીબહેને અમૃત લાલ પાડયું હતું.

મગનલાલને ખોડીદાસ અને ગગલદાસ નામે બે પુત્રો થયા. આ તરફ પ્રેમચંદે રામચંદનું લગન ચાણસ્મા કર્યું અને દીકરી રામબાઈને બારેજા પરણાવી પ્રેમચંદ ધંધાર્થે દક્ષિણ ગયા ત્યાં પત નીકળવાથી ગુજરી ગયા. રામચંદ પોતાનું ઘર પોતાના સાળા પરશોતમ ફેકાટ ને સોંપી ધોળકા પાસે જુવાલ રૂપાવટીમાં રહેવા આવ્યા તેમને તારાચંદ નામે પુત્ર થયો. તેને સાંગણપુરવાળા ઝવેર ઉગરચંદની દીકરી જીવી બાઈ સાથે પરણાવ્યો અને દીકરી રળીયાતબાઈને મૂળ અંબાસણના વતની. કેલીઆ વાસણાવાળા વહાલચંદ શેઠ વેરે પરણાવી તારાચંદ ને ચંચળ ને મણી નામે બે પુત્રી અને શીવલાલ નામે પુત્ર થયો. ત્રણે ભાઇ બ્હેનોને નાના મૂકી તારાચંદ ગુજરી ગયા એટલે ઘરનો વહીવટ જીવીબાઈ ને માથે આવ્યો જુવાલ રૂપાવટી ગામમાં એક જ ઘર જૈન નું હોવાથી દેરાસર ઉપાશ્રય કાંઈ ન હતું. તેથી પર્વના દિવસે ધોળકાકે ચલોડા જવું પડતું લેણું પતાવવા જીવીબાઈ પોતાના ભાઈઓ ને સાંગણપુરથી અને ભાણેજ પોપટલાલ વહાલચંદને કેલીઆ વાસણાથી તેડાવતા–ઝવેર ઉગરચંદને ત્રણ પુત્ર ને બે પુત્રી હતી. મોટા પુંજીરામ બીજા ગૌતમચંદને ત્રીજા ડાહ્યાલાલ હતા, જીવીબાઈથી નાની પરસનબહેન હતી તેને પાંચોટ ખેમચંદ શેઠ વેરે પરણાવેલ તેને પણ શીવલાલ નામે પુત્ર હતો. મારા પિતા શીવલાલ તારાચંદ અને પાંચોટ વાળા શીવલાલ ખેમચંદ બન્ને મસીઆઈ ભાઈ થાય મારા પિતા ઉમર લાયક થતાં તેમના મામાઓએ કુંથરાવી વાળા દલભચંદ જીવણચંદની દીકરી ડાહીબેન વેરે પરણાવ્યા મારાં મોટા ફોઈ ચંચળબેનને વાણીયાવેડા પ્રેમચંદ કરમચંદ વેરે પરણાવી અને નાનાં ફોઈ મણીને અંબાસણના વતની છઠી-

આરડા રહેતા કસ્તુરચંદ પોચા ચંદ વેરે પરણાવી તે અરસા માં ભોયણી તીર્થ નવું થયેલું અને મલ્લીનાથદાદાની યાત્રા એ જૈન જૈનેતરો આવી ઈષ્ટફળની માગણી કરતા. તેમના અધિષ્ટાયકો બળવાન હોવાથી મનવંછીત પુરતા ડાહીબેને મલ્લીનાથની યાત્રા કરી. તેમની પુત્રની ઈચ્છા ફળી પુત્રનું નામ મલીચંદ પાડયું. બે વર્ષ પછી ઘરમાં ખાતર પડતાં જીવીબાઈએ પોતાના ભાઈ ગૌતમચંદને તેડાવ્યા. ગૌતમચંદે આવીને મારા પિતાને કહ્યું કે તમારૂં મૂળ ગામ લીંચ છે. તમારૂં ઘર પરસોતમ ફેફાટ સંભાળતા તે નિર્વંશગુજરી જતાં ખાલી પડયું છે. તો હવે તમે તમારા ગામમાં આવીને રહો તે અમારાગામની નજીકહોવાથી અમો રોજ ખબર લઈ શકીએ આટલે છેટે અમારો ધંધો મુકી આવી શકાય. તેમનથી તેમ જ અહિં દેરાસર ઉપાશ્રય નથી અને લેણું પણ પતે તેમ નથી. મારા પિતાને તેમનીવાત ગમી ગઈ તેથી શુભમુહૂર્તે જુવાલ રૂપાવટી છોડી લીંચમાં આવીને રહ્યા લીંચમાં તે વખતે જૈનોનાં સો ઘરનો જથ્થો હતો. બાળબ્રહ્મચારી હઠી. ભાઈ શેઠે પાંજરાપોળની સ્થાપના કરી જીવદયાનું કામ સાથે દહેરાસર ઉપાશ્રય નો જીર્ણોદ્ધાર કરી લીંચની જાહે. જલાલી વધારી હતી.

## અભ્યાસનો પૂર્વકાળ વર્ષ ૫ થી ૧૨

પાઠશાળાના અધ્યાપક પ્રજ્ઞાચક્ષુ જેઠાલાલ ઝવેરચંદ ભાઈ બાળક બાળીકાઓને બહુ ખંતથી ધાર્મિક અભ્યાસ કરાવતા હતા અને સુંદર સંસ્કાર આપેલા હતા લીંચમાં રહ્યા પછી મારી મોટીબહેન ચંદણનો જન્મ થયો તે પછી ત્રણ વર્ષે મારો જન્મ થયો મારા પિતાશ્રીને લીંચમાં વ્યવ-

સાચ ન મળવાથી વડોદરા સયાજીરાવ ગાયકવાડના ઘોડા ઓને ખાણુ પુરૂ પાડવાનો એક વર્ષનો કોન્ટ્રાકટ લીધેલો. તે વખતે મારી ઉંમર બે ત્રણ વર્ષની હોવાથી મારી માતા મને વડોદરા સાથે લઈ ગએલ. ઘડીઆળીપોળમાં અમો રહેતા હતા. કોન્ટ્રાકટ પૂરો થતાં પાછા લીંચે આવ્યા.

પાંચ વર્ષની ઉંમરે મને નિશાળે બેસાડયો. ગુજરાતી બે ધોરણ સાથે ધાર્મિક પાઠશાળામાં પણ બે પ્રતિક્રમણ શીખી ગયો. પછી મારાં દાદીમા સાથે સાંગણપુર જવાનું થયું. ત્યાં ગુજરાતી ત્રીજું ધોરણ ભણ્યો. વર્ષ પછી લીંચ આવી ગુજરાતી પાંચ ધોરણ સુધીનો અભ્યાસ કર્યો તે દરમિઆન ધાર્મિક પંચ પ્રતિક્રમણ નવસ્મરણ ચાર પ્રકરણને ત્રણ ભાષ્ય સુધીનો મૂળપાઠ થઈ ગયો. તે ધાર્મિક અને વ્યવહારીક અભ્યાસમાં મારો નંબર પહેલો હતો. દશ વર્ષની ઉંમરે મને પાઠશાળાના શિક્ષકે જગુદણ પર્યૂષણ પર્વમાં પૌષધ પ્રતિક્રમણાદિ ક્રિયા કરાવવા માટે મોકલ્યો. મેં બધાને સારી રીતે ધર્મક્રિયા કરાવી તેથી ખુશી થઈને મને એક મહીના સુધી જગુદણમાં રોકી રાખી દરેકના ત્યાં સાધર્મિક ભક્તિ કરાવીને લીંચ મોકલ્યો. મારા પિતાશ્રીએ જગુદણ સ્ટેશન પર લાટી કરી ત્યાં બારોટ અમુલખજીભાઈના ભાગમાં ઈમારતી લાકડાંને કોરૂગેટ પતરાં વેચવાનું કામ કરતા હતા. સં. ૧૯૮૧ માં મારા મોટાભાઈ મલીચંદ અને મોટીબેન ચંદણનું લગ્ન કરવાનું નક્કી કર્યું. મારા જન્મ પછી બે વર્ષે નાની બહેન શકરીનો જન્મ થયો તે પછી બે વર્ષે અમથીબહેનનો જન્મ થયો. સં. ૧૯૭૬માં જગુદણ સ્ટેશન પરની દુકાનો બંધ કરી. મારા પિતાશ્રી મુંબઈ ગયા ત્યાં અમુલખ તારાચંદની પેઢીમાં ખરીદીનું કામ કરતા હતા.

દેશાવર ખરીદી માટે જતા ત્યારે તેમના પત્રો લીંચ આવતા તે હું વાંચતો. ખાનદેશ, કોચીન અલપઈ બંદર સુધી તેઓ ખરીદી કરી આવતા. તે પેઢીમાં કેશવલાલ ગૌતમચ દકરજી શણવાળા તેમજ વૃજલાલને ચંપકલાલ મણીઆર મહેસાણા વાળા પણ કામ કરતા હતાં. લીંચવાળા મહેતા નાથાલાલ કુશળચંદ તે વખતે મુંબઈમાં ડુંગરશી ગાંગજીની પેઢીમાં કામ કરતા હતા. તે સર્વની સાથે મારા પિતાને ધર્મસ્નેહ બંધાયો હતો. સં. ૧૯૮૦માં અમુલખ તારાચંદની પેઢી નરમ પડતાં બધા છુટા થઈ ગયા. મારા પિતાશ્રી દેશમાં આવ્યા અને લીંચમાં પરચુરણ દુકાન કરી પણ ઉધારીના ધંધામાં કંઈ ફાવટ આવી નહિ.

## માતાનો સ્વર્ગવાસ

મારી માતુશ્રીએ એક યુગલ બાળકીનો જન્મ આપ્યો ત્યારથી તેમની તબીયત બગડવા લાગી. તેમની ઈચ્છા તેમની હાજરીમાં પુત્ર પુત્રીનાં લગ્ન જોવાની હોવાથી સં. ૧૯૮૧માં બન્નેનાં લગ્ન નિરધાર્યાં મોટાભાઈની જાન પાંચોટ ગઈ ત્યાં મૂળચંદ ગોદડચંદની દીકરી મંગુબાઈ સાથે તેમનાં લગ્ન થયાં. ઘેર આવી ચંદણાબહેનનાં લગ્ન કરણ નિવાસી શીવલાલ અમીચંદ સાથે કરવામાં આવ્યાં. તેઓ પ્રથમ લીંચ પરણેલા તે બાઇ ગુજરી જતાં ફરી લગ્ન થયું. ભાઈ બહેનને પરણાવ્યા પછી મારી માતા થોડા જ વખતમાં દેવલોક પામ્યાં. ત્યારે મારી ઉંમર અગ્યાર વર્ષની હતી યુગલીક બાળીકાઓ પણ તે પછી તરત જ મરણ પામી એટલે હવે અમારા કુંટુંબમાં દાદીમા, પિતા, ભાઇને ભાભી હું ને બે બહેનો મળી સાત જણ રહ્યા–લગ્ન વખતે બધાં સગાંવહાલાંને તેડાવેલ. તેમાં ખાસ કરીને કંથરાવીથી

દાદા દલભચંદ ને તેમનો પુત્ર પરિવાર, લણવાથી મણી-માસીને વાડીલાલ માસાનો પરિવાર પુનાથી માણેકચંદ એચરદાસ, સાંગણપુરથી મારા પિતાનો મોસાળ પક્ષ, કેલીઆ વાસણાથી પોપટલાલ વહાલચંદને તેમનો પરિવાર મુખ્ય હતો. જુવાલરૂપાવટીના લોકો પણ આવેલા. તેમણે મારા પિતાને કહ્યું કે તમારા વગર અમારો માલ ખપતો નથી તો તમો ફરી રૂપાવટી આવી તમારૂં ગામ સંભાળો અમારા ગામની જે ઉપજ થશે તે તમારા હસ્તક વેચાવશું તેની દલાલીમાંથી તમારૂં ખર્ચ નીકળશે.

મારા પિતાએ કહ્યું કે "તમારી વાત ઠીક છે તમારૂં કામ મારે કરવું છે. પરંતુ હવે જ્યાં માલ વેચાય તેવા પીઠામાં રહેવાનું રાખીશ હાલ બાવળા મોટું પીઠું છે. ત્યાં અમારાં જૈનનાં ઘર–દેરાસર–ઉપાશ્રય છે અને બીજું કામ પણ થઈ શકે તેમ છે. તો હું બાવળા રહીને તમારો માલ વેચાણ કરી આપીશ. તેઓ ખુશ થઈને ગયા. પછી મારા પિતા બાવળા રહેવા લાગ્યા. વાણીઆવાડમાં અંબાશંકરનો મેઢો ભાડે લઈ અમોને લીંચમાંથી તેડાવી લીધાં. હું અંગ્રેજી પહેલું ધોરણ બાવળા ભણ્યો શરૂઆતમાં મારા પિતાશ્રી જોશી મુળજી આશારામના જીનમાં કામ કરતા હતા. તે આસામી નરમ પડતાં પટેલ કાળીદાસ ગંગાદાસને ત્યાં રહ્યા ત્યાંથી છુટા થઈ પટેલ માણેકલાલ પરસોત્તમને ત્યાં રહ્યા. પછી સકરચંદ શાન્તિલાલની પેઢીમાં રહ્યા છેવટે શેઠ વાડીલાલ ધનજીભાઈની દુકાન ભાડે લઈ સ્વતંત્ર ધંધો કરવા લાગ્યા. મને અમદાવાદ સી. એન. છાત્રાલયમાં ભણવા મુકયો વેકેશનમાં હું બાવળા આવતોને પિતાની સાથે ધર્મ ક્રિયા પ્રતિક્રમણાદિ કરતો હતો.

## અભ્યાસનો ઉત્તરકાળ વર્ષ ૧૨થી૨૫ છાત્રાલયમાં અભ્યાસને પછી વ્યવસાય

હું છાત્રાલયમાં ભણતો ત્યારે મારા વેવીશાળ અંગે ઘણા લોકો રૂપીયા આપવા આવતા. પરંતુ છાત્રાલયના નિયમ મુજબ મારા પિતા રૂપીઓ લેતા ન હતા.

મારા મોટા ભાઈને લીંચના ઘરની બાજુની જમીનમાં નવું ઘર તથા દુકાનો કરાવવા મોકલેલ તેમાં મહેતા કુંટુંબીઓ વાંધો લઈ કામ અટકાવતા હતા તેથી મોટાભાઈ વડોદરાથી સુબાની પરવાનગી લાવ્યા અને મહેતા લોકો આડખીલ ન કરે તેવું લખાણ લાવ્યાને કામ પુરૂં કરાવ્યું. સં. ૧૯૮૬ માં નાની બહેન શકરીનું લગ્ન સાલડીવાળા ભોળીદાસ કંકુચંદ સાથે કરવામાં આવ્યું. તે પછી નાની અમથીબેન ગુજરી ગયાં. મોટાં ચંદણબહેન તો પરણીને બે વર્ષમાં જ ગુજરી ગયાં હતાં. મોટાભાઈએ બાવળામાં હદ ઉપરાંત ધંધો કરી ઘણું નુકશાન પાડયું. તે સ્થિતિમાં હું પણ છાત્રાલયમાં માંદો પડયો અને અભ્યાસમાં પાછળ પડી ગયો. તેથી મને લાગ્યું કે હવે મારો નંબર પહેલો રહેશે નહિ એટલે આગળ ભણવાનું છોડી દીધું. અંગ્રેજી પાંચ ધોરણ ભણ્યો ધાર્મિકમાં તત્વાર્થાધિગમ સૂત્રાર્થ પંચ પ્રતિક્રમણના અર્થ વગેરે શિક્ષક ધીરજલાલ ટોકરશી પાસે ભણ્યો. ઈન્દુમતી ચીમનલાલ શેઠ અમોને અંગ્રેજીને ગુજરાતી શીખવાડતા હતા મનસુખભાઈ અનોપચંદ ગૃહપતિ અમારી દેખરેખ રાખતા અમૃતલાલ મગનલાલ વોરા ઈતિહાસ ભૂગોળ શીખવતા. વૃજલાલ મોહનલાલ શાહ સંસ્કૃત શીખવતા હતા.

મારા પિતા એ મેટ્રીક પાસ કરવા ઘણું કહ્યું. પણ મેં ભણવાની ના પાડી અને છાત્રાલય છોડી બાવળામાં પિતાની સાથે ધંધામાં લાગી ગયો. સં. ૧૯૮૮ માં દેવું ઘણું થવાથી મારા પિતા બાવળા છોડી બાજે ગયા અને મોટાભાઈની સાથે અમો બાવળાની દુકાન બંધ કરી લીંચમાં આવ્યા. તે વખતે દાગીના વેચતાં પણ દેવું ઘણું બાકી રહ્યું. અગાઉ હઠીસંગભાઈ જીવતા હતા ત્યારે તેમણે મારા પિતાને પાંજરા-પોળની રકમ વ્યાજે ધીરેલી તે રકમનો જીણો ચણો ખરીદી પાંજરાપોળની વખારોમાં ભરેલ તે માલ વેચાણ ન થતાં પડયો પડયો ખોરો થઈ ગયો અને ઉંદરો વખારમાં રહેલા માલને ફોલી ખાઈ બગાડવા લાગ્યા. હવે અમારી પરિસ્થિતિ નબળી જોઈ પાંજરાપોળના ટ્રસ્ટીઓ રકમ માંગવા લાગ્યા. મારા પિતાએ તેઓને કહ્યું કે મારે પાંજરાપોળનું દેવું પ્રથમ ચુકવવું છે. પણ હાલ સગવડ થાય તેમ નથી તમોને વિશ્વાસ ન હોય તો મારા ઘરબાર લખી આપું. પાંચ વર્ષમાં જો તમારૂં દેવું ભરપાઈ ન કરૂં તો મારાં ઘરબાર વેચીને રકમ વસુલ કરશો. પછી તેમણે નિયમ કર્યો કે જ્યાં સુધી આ દેવું ભરાય નહિ ત્યાં સુધી મારે લીંચમાં પ્રવેશ કરવો નહિ. મને કહ્યું કે આપણે બન્ને દીક્ષા લઈએ. મેં કહ્યું કે આવી દેવાદાર સ્થિતિમાં દીક્ષા લઈએ તો લોકો કહેશે કે દેવું થયું તે આપવું ન પડે માટે દીક્ષા લીધી. માટે મારે દીક્ષા લેવી નથી. એટલે મારા પિતાએ નિયમ કર્યો કે અમૃત દીક્ષા લે તો તેની સાથે મારે દીક્ષા લેવી નહિતર તેને પર-ણાવ્યા પછી બે વર્ષે મારે દીક્ષા લેવી તે પછી તેઓ મુંબઈ ગયા અને ઘીનો ધંધો શરૂ કર્યો મારા ભાઈ ભાભીને મુંબઈ તેડાવી લીધાં અને મને પુના મારા મોસાળ પક્ષમાં મોકલી

દીધો. મારૂં મોસાળ તો કંથરાવી હતું. મારા દાદા પ્રથમ સંડેર પરણેલા તેનાથી બે દીકરી થઈ. એક મારી માતાને બીજી મણી માસી થઈ. દીકરો થયો નહિ. મારી દાદી ગુજરી જતાં ફરી માત પર ચંચળબાઈ વેરે પરણ્યા તેનાથી તેમને પાંચ દીકરા અને ત્રણ દીકરી થઈ. મોટી દીકરીને બોરીઆવી શીવલાલ ગગલચંદ વેરે પરણાવી નાની ગજીને કોલાપુર રમણલાલ વાડીલાલ વેરે પરણાવી અને સૌથી નાની શાન્તાને અમારા કુંટુંબી વાડીલાલના દીકરા છોટાલાલ વેરે પરણાવી. પાંચ દીકરામાં મોટા દીકરાનું નામ વિઠ્ઠલદાસ બીજા કેશવલાલ, ત્રીજા પોપટલાલ ચોથા હરગોવનને પાંચમાં ઈશ્વરલાલ નામ હતું. હું અને મારા મામા કેશવલાલ લગભગ સરખી ઉંમરના હતા. તેથી અમને બન્નેને અમદાવાદ સી. એન. છાત્રાલયમાં ભણવા મુકેલા મારા મામા મારાથી એક ધોરણ આગળ હતા. તેઓ છ અંગ્રેજી ભણીને છુટા થયા. પુના લશ્કરમાં માણેકચંદ બેચરદાસ મૂળ લીંચના વતની મારા દાદાને તેઓ મામા ફોઈના દીકરા હોવાથી મારા મોટા મામા વિઠ્ઠલદાસને પુના તેડાવેલ અને પોતાની દુકાનમાં ગોઠવેલ તેથી કેશવલાલ પણ પુને ગયા તેમને પુના સોપ ફેકટરીમાં નોકરીએ બેસાડયા. ત્રીજા પોપટલાલને પોતાની બીજી દુકાને રાખ્યા. ચોથા હરગોવનને બેલગામ–પુના સોપ ફેકટરીની ઓફીસે રખાવ્યા અને પાંચમા ઈશ્વરલાલને કેશવલાલની સાથે પુના સોપ ફેકટરીમાં રખાવ્યા. આ રીતે માણેકચંદ શેઠે પાંચેને નોકરી ધંધે લગાડયા હોવાથી મને પણ આલમચંદ છઠી આરડાવાળા સાથે પુના મોકલવામાં આવ્યો. હું આર. મુસાને ત્યાં નોકરી કરતો. બાકીના વખતમાં છુટકનામાં કરતો. લોજમાં જમતો અને

મામાઓ સાથે સુઈ જતો પુના સીટીમાં મારા પિતાની મામાની દીકરી હીરા અને લશ્કરમાં મારા ફોઈની દીકરી કમળા રહેતી હતી. તેમને હું અવરનવર મળી આવતો. અમદાવાદ છાત્રાલયમાં હતો ત્યારે પણ મારા પિતાની મામાની દીકરી મણી શામળાની પોળમાં રહેતી હતી તેને રવિવારે મળવા જતો હતો. તેમના વર ડાહ્યાલાલ નાવલીવાળા કાપડ નો ધંધો કરતા હતા. સં. ૧૯૮૯માં એક વર્ષ હું પુનામાં રહ્યો.

પુનામાં પ્લેગ કોલેરા ફાટી નીકળવાથી મારા પિતાએ મને મુંબઈ તેડાવી લીધો. તેમની સાથે હું ઘીના ધંધામાં લાગી ગયો. તે વખતે મુંબઈમાં મારા પિતા મારા ભાઈને ભાભીને હું ચાર જ જણ હતા. મારાં દાદીમાં લીંચ રહેતાં મારા મોટાં ફોઈ ચંચળને દીકરો ન હોવાથી અને દીકરીઓ પરણાવી દીધેલી હોવાથી તેઓ દાદીમાની સારવારમાં લીંચે જ રહેતાં હતાં. તેમની મોટી દીકરી ચંદણને અંબાસણ મોહનલાલ પનજી વેરે પરણાવેલ તે અવરનવર લીંચે આવી ખબર લઈ જતી હતી. બીજી દીકરી રૂપાળીને પાંચોટ અંબાલાલ ચુનીલાલ વેરે પરણાવેલી અને ત્રીજી કમળાને છઠીને આરડા પુંજીરામના દીકરા સકરચંદ વેરે પરણાવેલી તેઓ પુનામાં રહી નોકરી ધંધો કરતા હતા. સં. ૧૯૯૦માં અમદાવાદથી પાલીતાણાનો છરી પાળતો સંઘ શેઠ માણેક-લાલ મનસુખભાઈએ કાઢેલ. તેમાં પિતાની આજ્ઞાથી હું ગયો હતો. લીંચેથી અમારા પાઠશાળાના શિક્ષક જેઠાલાલ ભાઇ વગેરે પણ સંઘમાં જોડાયેલા હતા તેઓ પ્રજ્ઞાચક્ષુ હોવાથી તેમને દોરવાનું કામ હું કરતો. તેઓ પાસે હું સ્વાધ્યાય કરતો. તેમણે મને નવાણું પ્રકારની પુજા શીખવાડી. તેમજ

સીમંધર સ્વામીનું સવાસો ગાથાનું સ્તવન શીખવાડેલ તે હું દરરોજ સવારના પ્રતિક્રમણમાં એકેક ઢાળ બોલતો હોવાથી આજ સુધી કંઠસ્થ રહી ગઈ છે. પૂ. આચાર્યદેવ કુમુદસૂરિનાપાલમાં સુઈ જતો તેઓ મને દીક્ષા લેવા ઘણું સમજાવતા હતા. પરંતુ દેવાદાર સ્થિતિમાં મારૂં મન કબુલ કરતું ન હતું. યાત્રા કરી હું મુંબઈ આવ્યો અને ઘીના ધંધામાં લાગી ગયો. સં. ૧૯૯૨ નું ચોમાસું લાલબાગમાં પૂ. આચાર્યદેવ શ્રીવિજય પ્રેમસૂરિશ્વરજીનું હતું તેમનો પરિચય થતા. હું તેમની પાસે છ કર્મગ્રંથ શીખ્યો. સંસ્કૃત બીજી બુકના બાર પાઠ પૂ. ભાનુવિજયને પદ્મવિજય પાસે શીખ્યો. પછી ગુરૂદેવે મને પંડીત પાસે અભ્યાસ કરવા મુકયો હું રઘુવંશને અભિધાન ચીંતામણી વગેરે કરવા લાગ્યો. મારી તીવ્ર બુદ્ધિ જોઈ પૂ. આચાર્યદેવે દીક્ષા લેવા માટે મને તૈયાર કર્યો અને સં. ૧૯૯૩ ના પોષ સુદ ૧૨નું દીક્ષાનું મુહુર્ત પણ નક્કી કર્યું. મારા પિતાશ્રી તેમના ભક્ત હોવાથી ના પાડી શકયા નહિ. સં. ૧૯૯૦ માં પૂ. આચાર્યદેવ ક્ષમાભદ્રસૂરિનું ચોમાસું મુંબઈમાં હતું ત્યારે મારા પિતા તેમના મામા ગૌતમચંદ અને મારી ભાભીએ ભાયખળામાં ઉપધાન તપ વહન કરી માળ પહેરી હતી. તેની ખુશાલીમાં મુંબઈમાં રહેતા એકસો આઠના ગોળના મંડળને લાલવાડી પરેલમાં જમવાનું આમંત્રણ તેમજ પુજામાં પધારવાનું આમંત્રણ આપ્યું હતું. તે પછી મારા પિતા ધર્મક્રિયા તથા વ્યાખ્યાન શ્રવણ લાલબાગમાં કરતા હતા. તેમના મિત્ર કેશવલાલ ભગત લાલબાગમાં પોસાતી મંડળમાં અગ્રેસર હતા. શ્રાવકોને ધર્મક્રિયા કરાવી ધર્મમાં જોડતા હતા.

મારા પિતાએ ગુરૂદેવને કહ્યું કે મારે પણ અમૃતની સાથે જ દીક્ષા લેવી છે. પરંતુ મારૂં સંસારીકામ આટોપતાં બે ચાર મહીના લાગી જશે. ત્યાં સુધીમાં તેની મનની મક્કમતા હશે તો અમે સાથે જ દીક્ષા લઈશું. અગાઉમેં કહેલ પણ તેણે ના પાડી હતી તો હવે ઉતાવળ કરશો નહિ એમ કહી તેઓ યાત્રા એ ચાલ્યા ગયા. દીક્ષાનું મુહૂર્ત નજીક આવતા સુધીમાં તેઓ આવ્યા નહિ. તપાસ કરાવતાં પાલીતાણા છે. એમ સમાચાર મળ્યા મને સગાંવહાલાં દેશમાં લઈ ગયા અને આલંબન ત્રુટવાથી મારૂં મન પણ દીક્ષા લેવા પરથી ઉતરી ગયું.

પાંચ વર્ષના ગાળામાં મારાપિતાએ પાંજરાપોળનું દેવું ચુકતે આપી દીધું અને ત્યાર પછી તેઓ લીંચમાં રહેવા લાગ્યા. હું મુંબઈ આવી ઘીનો ધંધો કરવા લાગ્યો. મારી ભાભીને એક દીકરો થએલો તે ગુજરી ગયો અને મારી ભાભી પણ ગુજરી ગયાં તેથી મોટાભાઇના મગજની અસ્થિરતા વધી ગઈ. તેઓ ફરી લગ્ન કરવાની ધુનમાં જ્યાં ત્યાં રખડવા લાગ્યા અને ધંધામાં ધ્યાન આપ્યું નહિ. તેથી હું બીજો ભાગીદાર શોધવા લાગ્યો. સં. ૧૯૯૪ સુધીમાં દેવું ભરપાઇ થયું અને રકમની છુટ થતાં બેન્કમાં રાખવાને બદલે સાંગણપુર મારાપિતાના મામાના દીકરા મણીલાલ ડાહ્યાલાલને ત્યાં મોકલતો હતો.

## પિતાનો સ્વર્ગવાસ

સં. ૧૯૯૪નું ચોમાસું પૂ. રામચંદ્ર સૂરિનું કરાડમાં હતું ત્યારે મારાપિતાશ્રી પાંજરાપોળની ટીપ માટે કરાડ ગયા ત્યાંથી વળતાં કુભોજ તીર્થની યાત્રા કરી તેઓ બિમાર થતાં

પુના આવ્યા. ત્યાં માણેકચંદ બેચરદાસ તથા મારા મામાઓએ સારી સારવાર કરી પણ તબીઅત સુધરી નહિ. સં. ૧૯૯૫ના માગસર માસમાં મહેસાણાથી મારા બનેવી પ્રભુદાસ દલીચંદ મણીઆર (જેઓ બીજીવાર છઠી આરડા મારા ફોઈ મણીની દીકરી હીરા સાથે પરણેલ)નો તાર આવ્યો કે તમારૂં સગપણ અમારા કુટુંબી બબલદાસની દીકરી લીલાવતી સાથે કર્યું છે. તે મુજબનો તાર પુના મારાપિતા ઉપર પણ કરેલ તેઓ મારા સગપણના સમાચાર સાંભળી ખુશ થયા. પણ પછી તેમની અંતીમ અવસ્થા લાગતાં મને મુંબઈ તાર કરી પુના તેડાવ્યો. હું પુના ગયો. મારાપિતાએ મારૂં મોઢું જોયું પણ વાતચીત થઈ શકી નહિ અને દેવલોક પામ્યા—પુનામાં અગ્નિ-સંસ્કાર કરી હું મુંબઈ આવ્યો મહેસાણેથી પત્ર આવ્યો કે માહ માસમાં લગ્ન કરવાની શરતે રૂપીયો લીધો છે. તો હવે તમો તુરત દેશમાં આવી તૈયારી કરો. તે વખતે મારા વાલી તરીકે સાંગણપુરવાળા મણીલાલ ડાહ્યાભાઈ અને કેલીઆ વાસણાવાળા પોપટલાલ વહાલચંદ હતા. તેમને લીંચે તેડાવી લગ્નનું મુહૂર્ત જોવડાવ્યું. અમારા કુંટુંબીમાં મોટાભાઈનું મગજ અસ્થીર હોવાથી ઘેર રહેતા ન હતા. તે વખતે લીંચમાં બેતડ પડેલાં તેમાં જે પક્ષમાં હું હતો તેની સામેના પક્ષમાં અમારા કુટુંબીઓ હતા. તેઓએ સોપારી લીધી નહિ. એટલે લગ્નમાં આવ્યા નહિ.

## યૌવનકાળ ગચ્છાપચીશી

અમારા સગાંવહાલાંએ લીંચમાં નવા કુંટુંબીઓ ઉભા કર્યા. તેમનો મને ઘણો સારો સાથ મળ્યો. અને જાન મહેસાણા લઈ ગયા. માહ વદ ૧૧નું લગ્ન થયું અને વદ ૧૪ના

જાન લીંચે આવી ગઈ. એક મહીનો થતાં મહેસાણેથી આણું આવ્યું અને મારી શ્રીમતીને લઈ ગયા. હું મુંબઈ આવ્યો. ત્યાં લહેરચંદ મોહનલાલ આકોલીવાળા મને મળ્યા. તેઓની માગણી મારી સાથે ઘીના ધંધામાં રહેવાની થતાં ચીંતામણ દેરાસરની નીચે દુકાન ભાડે લઈ ઘી સાથે કરી આણાની દુકાન ચાલુ કરી મારી રૂમ માધવાશ્રમ હોટલની ઉપર બીજે માળે હતી. તે મારા સાઢુભાઈ પાંચોટવાળા ચંદુલાલ વિઠ્ઠલદાસને આપી હતી. તેઓ ત્યાં રહ્યા નહિ અને તે રૂમ બીજાને આપી દીધી. પછી મેં વેકનીસ બીલ્ડીંગમાં રૂમ લઈ મારાં ફોઈ ચંચળને મુંબઈ તેડાવ્યાં. તેમનું પણ મગજ અસ્થીર થતાં જગુદણવાળા વાડીલાલ ટોકરશી સાથે દેશમાં મોકલ્યાં રાત્રે અંકલેશ્વર નજીક તેઓ ગાડીમાંથી પડયાં વાડીલાલને ખબર પડતાં સાંકળ ખેંચી ગાડી ઉભી રખાવી.

## ફોઈબાનો સ્વર્ગવાસ

તેમને શોધી લાવી અંકલેશ્વર હોસ્પીટલમાં દાખલ કર્યાં. મને સમાચાર આપ્યા હું અંકલેશ્વર ગયો કંઇક આરામ થતાં લીંચે લઇ ગયો ને ઘણી સારવાર કરી તબીયત સુધરી પણ મગજની અસ્થીરતા ગઈ નહિ પછી અંબાસણથી તેમના જમાઇને દીકરી આવી તેમને તેડી ગયાં ત્યાં બે મહીના પછી ગુજરી ગયાં. મારાં દાદીમા એકલાં લીંચમાં રહ્યાં–મારે વારેઘડીએ દેશમાં આવવું પડતું તેથી દુકાનમાં લહેરચંદના શાળાને નોકરી રાખ્યો–તેઓ બન્ને મળી ગયા મેં ભાગીદારી બંધ કરી દુકાન તેને સોંપી દીધી અને મારી રકમની બાકી મુકાવી લીધી તેના હપ્તા દર મહીને ભરવાનું

નક્કી કર્યું. તે મુજબ તેણે હપ્તા ભર્યા નહિ. એટલે રકમ વસુલ કરવા દાવો કરવો પડયો–તેને પણ વકીલોએ ઉંધું સમજાવી સામેથી મારા પર પોલીસકેસ કર્યો. બે ત્રણ વર્ષ કોર્ટમાં લડવામાં ગયાં. છેવટે આરબીટ્રેશન નીમી તેના પર ડીગ્રી થતાં તે ફગરી પડયો. રકમ બધી વકીલો ખાઈ ગયા. હું નોકરી કરવા લાગ્યો. શરૂઆતમાં પીસ્તાલીસ રૂપિયાના પગારથી લાલા ચીરંજીલાલ કનૈયાલાલ તાળાવાળાને ત્યાં રહ્યો. પછી દયારામ દામોદર મીઠાઈવાળાની મહેતાજીની જરૂર માટેની જાહેરાત આવતાં પચાસના પગારથી ગ્રાંટરોડની દુકાને મહેતાજી તરીકે રહ્યો તે પહેલાં એટલે સં. ૧૯૯૬માં મારા ફોઈ ગુજરી જતાં મારી ધર્મપત્નિને લઈ મુંબઈ ગયો અને પહેલવહેલી રૂમસટાગલીમાં કરી તેને સુવાવડનો પ્રસંગ આવતાં મહેસાણા મોકલી દીધી. સં. ૧૯૯૬ના વૈશાખ માસમાં એક દીકરીનો જન્મ થયો તેનું પ્રભાવતીનામ પાડયું. સં. ૧૯૯૭માં મુંબઇમાં હુલ્લડને ભાગાભાગી થતાં મારી રૂમ ભીન્ડી બજારના નાકે વોરાના માળામાં હતી તે બદલીને તેલગલીમાં રહેવા લાગ્યા. તે પછી સ્વામીનારણ બીલ્ડીંગમાં રૂમ ભાડે લઈ તેમાં સામાન ભરી અમો દેશમાં આવ્યા. સં. ૧૯૯૮ના ભાદરવા માસમાં દીકરાનો જન્મ થયો તેનું જશવંતલાલ નામ પાડયું. તે વખતે મેં વર્ધમાન તપનો પાયો નાખ્યો તે વખતે પૂ. ભદ્રંકરવિજય મહારાજ અને અરૂણવિજય મહારાજ લીંચમાં ચોમાસું હતા. તેમની નિશ્રામાં પજુસણ કરી હું દીવાળી ઉપર એકલો મુંબઈ ગયો. પૂ. દાદીમા મારાં ધર્મપત્નિને બે છોકરાં લીંચમાં રહ્યાં–સં–૧૯૯૯માં ગ્રાંટરોડમાં રૂમ મળતાં બધાને મુંબઇ તેડાવ્યાં. તે વખતે મને દયારામ દામોદર મીઠાઈવાળાને ત્યાં સો

રૂપિયા પગાર મળતો હતો. મોંઘવારી વધતાં મેં પગાર વધારવા કહ્યું પણ પગાર વધ્યો નહિ એટલે ઝવેરી બજારમાં ગોકળદાસ મોહનલાલની કુાંમાં નોકરી રહ્યો અને બીજા ભોઇવાડામાં મારા સાઢુભાઈ ચંદુલાલ વિઠ્ઠલદાસની બાજુમાં એકજ ખંડની અંધારી રૂમમાં રહેવાનું રાખ્યું. તે રૂમમાં તેમની પેઢીનો માણસ પટેલ રહેતો હતો. તેણે કહ્યું કે તમને ફાવે તો કાયમ રહેશો મારે હવે જરૂર નથી. દિવસે દિવસે મોંઘવારી વધતી ગઈ અને જગાની પાઘડી બોલાવા લાગી એટલે શોધ કરતાં કોઇ ઠેકાણે જગા મળી નહિ.

## દાદીમાનો સ્વર્ગવાસ

સં. ૨૦૦૦માં મારાં દાદીમા ગુજરી ગયાં. તે વખતે તેમના ભત્રિજા સનાલાલ ગૌતમચંદ જેઓ વાલકેશ્વર રહેતા હતા. તેઓ અવરનવર તેમના ફોઈની ખબર લેવા આવતા હતા. આ વખતે તેઓએ અગ્નિસંસ્કાર વગેરે કરી સારી સેવા બજાવી હતી. મેં તેમને મારી બાજુની રૂમ ખાલી પડતાં મારી સાથે રહેવા કહ્યું. તેમણે કબુલ કર્યું અને સાથે રહ્યા. મારે ગોડીજીના ટ્રસ્ટી ભાઇચંદ નગીનભાઈનો પરિચય થતાં તેમના ત્યાં શેરબજારમાં રહ્યો. તેમનું કામ સારી રીતે કરતો હોવાથી તેમના શેર બ્રોકર માથેરાન લઇ ગયા ત્યાં વનમાં ફરવા જતાં એક મોટા સર્પને મેં જોયો. માથેરાનમાં નાના નાના સર્પો તો ઘણા જોવામાં આવે છે. પણ ઝેરી હોતા નથી. સં. ૨૦૦૧ના જેઠ માસમાં ફરી મારી પત્નિ એ એક દીકરીનો જન્મ આપ્યો તેનું વીરમતી નામ પાડયું. સં. ૨૦૦૦માં ગોડીજી ઉપાશ્રયમાં સાગરજી મહારાજનું ચાતુર્માસ હતું. તે વખતે પેઢીમાં મુનિમ ન હોવાથી -ભાઇચંદભાઇએ

મને મુનિમતરીકે રહેવા સૂચવ્યું. મેં કહ્યું કે, અમારા લોકો દેરાસરમાં નોકરી કરતા નથી. તમારે ત્યાં જરૂર ન હોય તો હું બીજે નોકરી શોધી લઈશ. બીજા ટ્રસ્ટીઓમાં મૂળચંદ બુલાખીદાસ કાન્તિલાલ ઇશ્વરલાલ અને સોભાગચંદ દોશી સોલીસીટર હતા. તેઓએ પણ મને મુનિમ તરીકે રહેવા કહ્યું. છેવટે ખુદ સાગરજી મહારાજે મને બોલાવી કહ્યું કે ભાઇચંદભાઈને તમારા પર પુરો વિશ્વાસ છે તેથી તમને ગોડીજીમાં મુનિમ તરીકે રહેવા કહે છે. દેરાસરનું કામ સારી રીતે સંભાળે તો તીર્થંકર નામ કર્મ બંધાય છે. તમારી શક્તિ, આર્થિક ન હોવાથી તમને સાધારણમાંથી પગાર અપાશે માટે જયાં સુધી બીજો સારો મુનિમ ન મળે ત્યાં સુધી તમો સંભાળો. પૂ. આચાર્યદેવની આજ્ઞાથી હું ગોડીજીમાં મુનિમ તરીકે રહ્યો. સં. ૨૦૦૧માં કુટુંબ સાથે શીખરજીની યાત્રા કરવાનો લાભ મળ્યો. સં. ૨૦૦૨માં અમારાં બહેનબનેવી અને કુટુંબ સાથે કચ્છ ભદ્રેશ્વરની યાત્રા કરી ત્યાંથી ભુજ ગયા અને ચાંદીનાં વાસણ ખરીદ કર્યાં. સં. ૨૦૦૩માં મારા બનેવી શીવલાલ અમીચંદ જેઓ કાન્તિલાલ નહાલચંદની પેઢીમાં કેશીઅર તરીકે હતા. તેમણે મને મહેતાજી તરીકે તેમની પેઢીમાં રખાવ્યો. ગોડીજી દેરાસરની પેઢીમાં દોઢસો પગાર મળતો હતો. અહિં પગાર તેટલો પણ બોનસ સારૂં મળતું કાન્તિલાલ શેઠ પોતાના માણસોને પોતાના જેવા સુખી કરવા ઇચ્છતા હતા. તેથી તેમની નોકરી સૌ કોઇ ઈચ્છતા.

તેમના ત્યાં લગ્ન પ્રસંગે નોકરોને ચાંદીનાં વાસણ ભેટ આપ્યાં હતાં. મેં સોનાનો કંદોરો પચીસ તોલાનો

ગોકળદાસ મોહનલાલ ઝવેરીને ત્યાં કરાવ્યો. હું પાઘડી ખેસ અને સોનાનો કંદોરો પહેરી કાન્તિલાલ નહાલચંદની પેઢીમાં નોકરી કરવા જતો તેથી કાન્તિલાલ શેઠ મારા પર ખુશ થતા અને બેન્કમાં ભરણુ ભરવા તેમજ મીલોમાં ચેકો આપવા મને જ મોકલતા. તેઓ કહેતા કે મારાપિતા પાઘડી ખેસ પહેરી મીલોમાં જતા હતા તે મુજબ તમો પણ જરૂર જાઓ શેઠ ખુશ હતા પણ સ્ટાફના માણસો ઈર્ષ્યા કરતા હતા. મારા બનેવી પણ મેનેજરના કહેવાથી મને ધમકાવતા હતા. મારે વ્યાખ્યા ન સાંભળવાનો નિયમ હોવાથી પેઢીમાં મોડો આવતો અને સાંજે ચોવીહાર કરતો હોવાથી વહેલા જતો હતો. તેમાં પણ શેઠ ખુશ હતા. તેઓ મારા બનેવીને કહેતા કે અમૃતલાલ તેમનું કામ પુરૂં કરીને જાય છે તો શા માટે તેમને જતાં રોકોછો ? સં. ૨૦૦૪માં સાંગણપુરથી પાલીતાણાનો રેલ્વે મારફતે સંઘ કાઢયો તેમાં હું કુંટુંબ સાથે ગયો.

સંઘવી મણીલાલ ડાહ્યાભાઈએ મારી પાસે બાર ગાઉની પ્રદક્ષીણાનો સંઘ કઢાવી સંઘમાળા પહેરાવી. પછી હું મુંબઈ આવ્યો ત્યારથી કાન્તિલાલ શેઠ મને સંઘવી કહીને બોલાવતા હતા. તેઓ શીખરજી યાત્રાએ ગયા. ત્યારે મેનેજર અમૃતલાલે શેઠને મારી વિરૂદ્ધ લખાણ કરી રજા અપાવી શેઠ શીખરજીથી આવ્યા પછી બધી વાત જાણી મને નિર્દોષ ગણી સર્ટીફીકેટ લખી આપ્યું. હું તેમના હરીફ સાંકળચંદ જી. શાહને ત્યાં બસો રૂપીયાના પગારથી નોકરી રહ્યો. ત્યારપછી તેમના બનેવી બબલદાસને ત્યાં અઢીસોના પગારથી રહ્યો. છેલ્લે વાડીલાલ આર શાહને ત્યાં ત્રણસોના પગારથી રહ્યો. તે દરમિયાન મારી પાસે વીશ હજારની રોકડ થઈ. સં. ૨૦૦૫ ના કારતક સુદ ૫ ના રોજ

ત્રીજી દીકરીનો જન્મ થયો તેનું ચંદ્રિકા નામ પાડયું. સં. ૨૦૦૫ માંગોડીજી ઉપાશ્રયમાં પૂ. આચાર્યદેવ પ્રતાપ સૂરિનું ચાતુર્માસ હતું. તે પહેલાં બે ચોમાસાં પૂ. આચાર્ય-દેવ કીર્તિસાગર સૂરિ એકર્યાંને એક ચોમાસું પૂ. હંસ સાગર મહારાજે કર્યું હતું. પૂ. હંસ સાગર મહારાજે મને એક લાખનું પરિગ્રહનું પરિમાણુ કરાવેલ. પરંતુ મેં મનથી વીશ હજાર ધાર્યા હતા. તે મુજબ રકમ પુરી થતાં મને મુંબઈ રહેવાનું મન ન હતું. સાંગણપુર મણીલાલ ડાહ્યા-ભાઈના ત્યાં મારી દશ હજારની રકમ વગર વ્યાજે પડી હતી. તેમાંથી બાર ગાઉનો સંઘ કઢાવી બે હજાર વાપરી હતી. હવે તે રકમ પાછી લેવા તેમના કાકા ગૌતમચંદ મને કહેતા હતા મેં કહ્યું કે તમારા ત્યાં જમે રાખો ત્યારે તેમણે કહ્યું કે, બહેન દીકરીઓના પૈસા અમો જમે રાખીએ નહિ. વળી મારાં છોકરાંનું ઠેકાણું નહિ. માટે તું તારી રકમ પાછી લઈ લે નહિતર મણીલાલ તને એક પૈસો પણ પાછો આપશે નહિ. મેં તેમનું કહ્યું માન્યું નહિ. અને મણીલાલને કહ્યું કે મારી રકમનું વ્યાજ મને મળવું જોઈએ. એટલે તેમણે કહ્યું કે તારી રકમ વ્યાજે મુકીશ. એમ કહી જેના પૈસા પતે તેમ ન હતા. તેઓના હવાલા મારા ખાતે નાખી મારી રકમ પુરી કરી.

મેં હિસાબ માગ્યો. ત્યારે ખોટા હવાલા મને પુછયા વિના પાડેલા તે મેં ના કબુલ કર્યા છતાં તેમાં કંઈ વળ્યું નહિ અને ગૌતમચંદના કહેવા મુજબ થયું. એટલે રકમ સાંગણપુર મોકલવી બંધ કરી. સં. ૨૦૦૬ના માગસર માસમાં કરાડ ઉપધાન થવાના છે. એમ જાણી હું જવા તૈયાર થયો ત્યારે પૂ. પ્રતાપસૂરિ મહારાજે કહ્યું કે કરાડની વાર છે

પણ જો તમ.રે હમણાં ઉપધાન કરતાં હોય તો વડોદરા થાય છે તેમાં બહ.રગામવાળાને લેવાના નથી. પરંતુ હું ચીઠી લખી આપીશ એટલે અમારા ધર્મ વિજય મહારાજ તમોને દાખલ કરશે. તે વખતે મારે વર્ધમાન તપની તેત્રીસમીઓળી ચાલતી હતી. હું વડોદરા ગયો ને પૂ. ધર્મ વિજય મહારાજને મળ્યો. તેમણે કહ્યું કે તમે ઉપધાનમાં નીવી ને બદલે આંબેલ કરશો તો તમારી ઓળી ચાલુ રહેશે અને ઉપધાન પણ થશે. માગસર સુદ ૧૧ નો પ્રવેશ થયો. પહેલું અઢારીયું નીવીને બદલે આંબેલ કરી ઓળી પુરી કરી. પછી બીજું અઢારીયું ઉપવાસને નીવીથી કર્યું અને માળ પહેરી તે વખતે રેશનીંગનો જમાનો હોવાથી ખાસ જરૂર પુરતાને જ તેડાવ્યાં હતાં મારા ઘરમાંથી બધાં અને સાંગણપુરથી મણીલાલ ડાહ્યાભાઈ વગેરે આવ્યા હતા. રંગીલદાસ છબીલદાસ તરફથી ઉપધાન થયાં હતાં. તે વખતે મુંબઈના ગોડીજીના ટ્રસ્ટીઓ પૂ. ધર્મ વિજય મહારાજને ચાતુર્માસ કરવાની વિનંતી કરવા આવ્યા હતા. મેં પણ તેમના માટે સારો અભિપ્રાય આપ્યો હતો. એટલે સં. ૨૦૦૬ નું ચાતુર્માસ પૂ. ધર્મ વિજય મહારાજનું ગોડીજીમાં થયું. સં ૨૦૦૭માં ભાયંખળા ઉપધાન કરાવ્યાં તે વખતે તેમની આચાર્ય પદવી થઈ મેં પાંત્રીશું તેમની નિશ્રામાં કર્યું. સં. ૨૦૦૮ માં પૂ. આચાર્ય દેવ પ્રેમસૂરિ મહારાજે દાદર ઉપધાન કરાવ્યાં. ત્યાં મેં ત્રીજું ઉપધાન અઠ્ઠાવીસું કર્યું. એ રીતે ત્રણ વર્ષમાં ત્રણે ઉપધાન થયાં સં. ૨૦૦૮ માં ચોથી દીકરી ધર્મિષ્ઠાનો જન્મ થયો. હું ધર્મ ક્રિયા વિશેષ કરતો હોવાથી તે દીકરીનું નામ પણ ધર્મિષ્ઠા પાડયું હતું આ રીતે બીજી અડધી પચીશીમાં હું ચાર દીકરીને એક

દીકરાનો બાપ બન્યો અને નોકરી ધંધામાં વીશ હજારની રકમ એકઠી થઈ સં. ૨૦૧૦ માં વર્ષી તપ કરી પાલીતાણામાં પારણું કર્યું. હું બેન્કમાં રકમ જમે કરતો નહિ અને વ્યાજે ધીરતો હતો. સં ૨૦૧૩ માં મારા કાકા સસરા અને ભાણેજ હરગોવનદાસનો મહેસાણાથી પત્ર આવ્યો કે મામા ? તમારી પાસે રકમ સારી છે હું મારા ભાઈ ચંપકલાલથી છુટો થયો છું. તમે રકમ આપો તો ગોદામમાં મારી દુકાન છે. તેમાં ગોળનો ધંધો કરશું તમને વ્યાજ અને દુકાનમાં ભાગ પણ આપીશ એટલે તમારો ખર્ચો નીકળશે અને મારો પણ ખર્ચ નીકળશે. મારી રકમ જવાની હોવાથી મને તેની વાત ગળે ઉતરી ગઈ. હું મુંબઈ એક ખંડની અંધારી રૂમમાં રહેવાથી કંટાળ્યો હતો તેમાં આવો સાથ મળતાં મેં થોડી રકમ મહેસાણે મોકલી દુકાન શરૂ કરાવી. પછી મુંબઈ છોડી દીધું અને લીંચે રહેવાનું રાખ્યું. લીંચથી મહેસાણા રોજ આવજા કરતો. હવે મહેસાણે રહેવાની ઈચ્છા થતાં મારા સસરાનું મકાન અમોને મળેલ તે તોડીને ફરી નવું કરાવ્યું. નવું તૈયાર થતાં લીંચથી બધાંને મહેસાણે તેડાવી લીધાં અને મહેસાણાં કાયમ રહેવાનું નક્કી કર્યું. સં. ૨૦૧૩માં મુંબઈ છોડયું. સં. ૨૦૧૪માં મહેસાણા રહેવા આવ્યા સં. ૨૦૧૫માં બીજો વર્ષી તપ કર્યો. પારણું પાલીતણા જઈને કર્યું. સં ૨૦૧૫ માં મહેસાણામાં કુસુમ શ્રી મહારાજનું ચાતુર્માસ હતું. મોટી દીકરી પ્રભાવતીનું સગપણ સાલડીવાળા અમદાવાદ લુણસાવાડે રહેતા વાડીલાલ મંછાચંદના દીકરા સેવંતીલાલ વેરે કરેલુ તેણે બી. એની. પરીક્ષા આપી. પછી તેનું મગજ ડલ થઈ ગયું. બે વર્ષ અમોએ રાહ જોઈ પરંતુ મગજ સુધર્યું નહિ એટલે અમે બીજે શોધવા લાગ્યા.

કુસુમશ્રીના ઉપદેશથી પ્રભાવતીને વૈરાગ્ય ઉત્પન્ન થયો. તેણે કહ્યું કે મારે લગ્ન કરવાની ઇચ્છા નથી. હવે મારા માટે કયાંઈ તપાસ કરશો નહિ મારે દીક્ષા જ લેવી છે. તેની માતુશ્રીએ તેને કહ્યું કે વીરમતીને પરણાવ્યા પછી તને દીક્ષા અપાવીશું. પ્રભાવતીએ તે મુજબ કબુલ કર્યું. સં.૨૦૧૯ માં ગોળના ધંધામાં નરમાસ હોવાથી હું પજુસણ કરાવવા પાઠશાળાના વિદ્યાર્થી ધીરજલાલ સાથે નાસીક ગયો. ત્યાંથી મુંબઈ ગયો. તે વખતે કાન્તિલાલ ઉજમશીભાઈ મને મળ્યા. મને કહ્યું કે મદ્રાસ પાઠશાળામાં ધાર્મિક અધ્યાપકની ખાસ જરૂર છે. તમે જાઓ તો પાઠશાળા સિવાય બીજું પણ નામા ઠામાનું કામ મળી જશે મેં વિચાર્યું કે મદ્રાસ કદી જેયું નથી તો જેવા મળશે અને મહેસાણામાં દુકાનમાં મારી જરૂર પડતી નથી વળી આવતી સાલ વીરમતીનું લગ્ન કરવાનું અને પ્રભાવતીને દીક્ષા આપવાની છે બધી રકમ ગોળના ધંધામાં રોકાઇ ગઈ છે. હજુ વધુ રકમની જરૂર છે. ગોળનો ધંધો ઉધારથી ચાલે છે એટલે ઉઘરાણી પણ પડે છે તો હમણાં મદ્રાસ જવું સારૂં. એમ વિચારી હું મદ્રાસ ગયો પાઠશાળામાં અધ્યાપક તરીકે છ મહીના કામ કર્યું. તે દરમિયાન મારવાડી ભાઈઓની ઓળખાણ થઈ.

હું ગુજરાતી સંઘની પાઠશાળા ભણાવતો તેના સેક્રેટરી પાસે મારા દીકરા જશવંતને કોલેજ ફી ભરવા ત્રણસો રૂપીયાની માગણી કરી.પણ પગાર ઉપરાંત કંઈ આપવાની ના પાડી. તે વખતે પૂ. વલ્લભદત્ત વિજય મદ્રાસમાં ચોમાસું હતા. તેમને વાત કરતાં તેમણે મારવાડી સમાજ પાસેથી ત્રણસો રૂપીયા અપાવ્યા. તે ગુજરાતીસંઘને ગમ્યું નહિ. છમાસ પછી દેશમાંથી પત્ર આવ્યો કે તમે જલ્દી મહેસાણા આવો.

વીરમતીનું લગ્ન આ સાલ કરવાનું નક્કી છે. મેં આ વાત માણેકચંદ બેતાલાને કરી. તેમણે બે હજાર રૂપીયા મારવાડી સમાજમાંથી અપાવ્યા. તે તથા પગારની રકમ મહેસાણા મોકલાવી. પ્રભાવતીને દીક્ષા આપવાની વાત કરતાં ઋષભદાસજીએ કહ્યું કે પૂ. કૈલાસ સાગર મહારાજ હસ્તક શીખરજીની પ્રતિષ્ઠા થવાની છે. તેમાં કુસુમશ્રી પણ આવવાનાં છે. તો તમો શીખરજી પ્રતિષ્ઠા વખતે પ્રભાવતીને લઈને આવ–શો. દીક્ષાનો બધો ખર્ચ અમે કરશું અને શિખરજીમાં ધામધુમથી દીક્ષા થશે. દીક્ષાના ખર્ચ માટે ઢઠ્ઠા સાહેબ અને ફતેચંદ ગોમરાજ વગેરે પણ રકમ આપવા તૈયાર હતા. ફતેચંદભાઈએ મને કહ્યું કે તમને મદ્રાસ જેટલું મળે છે. તેટલો પગાર શિવગંજ પાઠશાળામાં આપીશું તો તમારે મદ્રાસ સુધી આવવાની શી જરૂર છે. હું મદ્રાસથી મહેસાણા આવ્યો. વીરમતીના લગ્નની તૈયારી કરવા લાગ્યો. તેનું સગ-પણ બારીઆસણવાળા અંબાલાલના પુત્ર પ્રવીણચંદ સાથે કર્યું હતું. વૈશાખમાસમાં લગ્ન પતી ગયા પછી પ્રભાવ–તીએ તેની માતાને કહ્યું કે તમારા કહેવા મુજબ હું વરતી છું. હવે મને જ્યાં કુસુમશ્રી મહારાજ હોય ત્યાં લઈ જઈને દીક્ષા અપાવો. તેઓ શીખરજીથી કલકતા જવાનાં છે અને પછી પાંચ વર્ષ સુધી મહેસાણા આવે તેમ નથી તો મને હવે રોકશો નહિ અને આ ચોમાસા પહેલાં દીક્ષા અપાવો.

પ્રભાવતીની મકકમતા જાણી હું ને તેની માતા બંને પ્રભાવતીને લઈને કલકત્તા ગયા. કુસુમશ્રીનું ચોમાસું જીયાગંજમાં નક્કી થયું હોવાથી અમો જીયાગંજ ગયા અને ત્યાં બીરાજમાન ભદ્રસાગર મહારાજની નિશ્રામાં દીક્ષા થઈ તેનું નામ ચારૂયશાશ્રી પાડયું ત્યાંના નગરશેઠ શ્રીપતસિંહજી દુગડ તરફથી દીક્ષાનો તમામ ખર્ચ

આપવાનું નક્કી થયું. અમોએ પણ અમારી શક્તિ મુજબ લાભ લીધો. જીયાગંજમાં દીક્ષા પ્રથમવાર થતાં સંઘનો ઉત્સાહ ઘણો હતો. અઠ્ઠાઈ મહોત્સવ પુર્વક ધામધૂમથી દીક્ષા થઈ. દરરોજ સાહમી વચ્છલ જુદી જુદી વ્યક્તિ તરફથી થતું. પછી અમો બન્ને કલકત્તા આવ્યા ત્યાં નંદાસણના વતની પુનમચંદ વાડીલાલે પોતાની દીકરી અનુપમાનું સગપણ અમારા દીકરા જશવંત સાથે કરવા કહ્યું. અમોએ કબુલ કરતાં. તેઓ મહેસાણા આવી રૂપીયો આપી ગયા અને કહ્યું કે તમારી સગવડે લગ્ન કરશો. અમારે કંઇ ઉતાવળ નથી. સં. ૨૦૧૭ના ચોમાસામાં અમોએ મહેસાણા આવી દુકાનના ચોપડા તપાસ્યા. તેમાં હરગોવનના મદ્રાસના પત્રો કરતાં જુદું જાણવા મળ્યું. અમારી બધી મુડી ધંધામાં અને ઉઘરાણીમાં અટવાઈ જવાથી બીજી રકમ વગર ધંધો ચાલે તેમ ન હોવાથી મારો સોનાનો કંદોરો વેચીને તે રકમ દુકાનમાં નાખી. પછી હરગોવનને લાગ્યું કે હવે મામા પાસે કંઈ નથી એટલે તેણે મને કહ્યું કે હવે મારે ભાગીદારી રાખવી નથી. મેં કહ્યું કે ન રાખવી હોય તો મારી મુડી આપીદ્યો. તેણે કહ્યું કે તમારી મુડી ચોપડે સાડા પંદર હજાર રહે છે તેની હું બાકી મુકી આપું તે ઉઘરાણી પતશે તેમ આપીશ. દુકાન ચાલુ હશે તો જુની ઉઘરાણી પતશે. મારી વીશ હજારની મુડી હતી તે તેણે ચોપડા બદલી નાખી નુકશાની બતાવી હું તેના ભાઈ ચંપકલાલને મળ્યો. ચંપકલાલે કહ્યું કે તમે ભાગીદારીમાં પડતા પહેલાં મને પુછ્યું નહિ હવે હું શી સલાહ આપું ? હું મારા ભાઈનું ખરાબ કેમ બોલું ? હવે તમો ચીમનલાલ વકીલને મળો તે અમારા સગા અને તમારા ગામના હોવાથી સાચી સલાહ આપશે. પછી

હું ચીમનલાલ વકીલને મળ્યો. મારી બધી હકીકત સાંભળી તેમણે હરગોવનને ખાનગીમાં બોલાવી બધું પુછી લીધું પછી મને કહ્યું કે હરગોવનવર્કીંગ પાર્ટનર છે અને તમો માલીક છો તમને દુકાન અપાવીએ પણ તમે ધંધાના જાણકાર નથી. ઉઘરાણી વીશ હજારની પડી છે તમે કોઈ ગ્રાહકને ઓળખતા નથી. તમો એકલા દુકાન ચલાવી શકો તેમ નથી અને હવે ભાગીદારી ચાલુ રાખશો તો આજે તમારી મુડી ગઈ છે. કાલે તમારાં ઘરબાર વેચવાનો વખત આવશે. કારણ કે લેણદાર તો તમારી પાસેથી રકમ વસુલ કરશે માટે હરગોવનને દુકાન સોંપી તમે મુંબઈ ભેગા થઈ જાઓ. તમોને સાડા પંદરની બાકી મુકી આપે છે. તમારા હિસાબે વીશ હજાર છે તો તમારો ભાણેજ સાડા ચાર હજાર લઈ ગયો અને તેનું ઘર સુધરાવ્યું તો મન વાળી સારાસારી રાખો. તમારી રકમ તેનો ધંધો ચાલશે તો પતી જશે. હવે ભાગીદારી ચાલુ રાખવામાં સાર નથી. કોહ્યું ત્યાંથી કાપી નાખો. તમારી નીતિ સાફ છે તો મુંબઈ જઈ ફરી કમાશો. વકીલના કહેવા મુજબ બાકી મુકાવી.

હું કચ્છ મેરાઉ આર્ય રક્ષિત તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠમાં અધ્યાપક તરીકે ગયો. ત્યાં મેઘજી સોજપાલની ભલામણથી છ માસ રહ્યો પછી ફતેચંદ ગોમરાજના કહેવા મુજબ શીવગંજ વિદ્યાલયમાં અધ્યાપક જેસીંગલાલની સાથે તેમના હાથ નીચે રહ્યો (વિદ્યાર્થીઓ ભણનાર ન હોવાથી હું દેશમાં આવી મહેસાણાગામની પાઠશાળામાં શિક્ષક તરીકે રહ્યો. છેવટે મુંબઈ સં. ૨૦૧૯માં ગયો. મુંબઈ છોડયું ત્યારે અડતાલીસ વર્ધમાન તપની ઓળી થઈ હતી. વચમાં પાંચ–વર્ષમાં એકવર્ષી તપ અને વીશ સ્થાનકનો તપ ઉપવાસથી

કર્યો. મુંબઈમાં ઓગણપચાસમાં વર્ષે ઓગણપચાસમી ઓળી થઈ. શરૂઆતમાં આર. મોહનલાલના ત્યાં મહેતાજી તરીકે રહ્યો. પછી રમણભાઈ દલસુખભાઈએ તેમની પેઢીમાં રાખ્યો. અને મને કલકત્તાની ઓફિસનું નામું લખવા સોંપ્યું. જમવાનું છગનલાલ કસ્તુરચંદની પેઢીમાં અને સવારે તેમના ઘર દેરાસરમાં પુજા સેવા કરવાનું રાખ્યું હતું રમણભાઈ શેઠ મને સાધર્મિક તરીકે સારી રીતે રાખતા હતા એટલે સ્ટાફની સાથે મારો ઓફીસનો ટાઈમ સચવાતો ન હતો. તે બાબતમાં ચંપકભાઈને રમણભાઈને બોલચાલ થઈ. રમણભાઈએ મને કહ્યું કે મારે તમારા લીધે મારા ભાઈઓનું સાંભળવું પડે છે. મેં કહ્યું કે મારા લીધે તમારા ભાઈઓમાં બોલચાલ થાય તે ઠીક નથી. મને બીજે નોકરી મળે છે. તો હવે હું બીજે જઈશ એમ કહી છુટો થયો. ચારૂયશાએ વર્ષી તપ કરી હસ્તિનાપુર પારણું કર્યું. ત્યારે હું અને જસવંત બન્ને હસ્તિનાપુર પારણું કરાવવા ગયા હતા તે પછી તેમનું બીકાનેર ચોમાસું થતાં જેસલમેરની યાત્રાનો લાભ અને બીકાનેર જવાનું થયું હતું. હવે તો મુંબઈમાં ઓળખાણ ઘણી થતાં છુટક નામાં કરતો, પાઠશાળાઓ ભણાવતો અને ગોડીજી ઉપાશ્રયમાં સુવા બેસવાનું રાખતો શાન્તાકુઝમાં મુનિમ તરીકે રહ્યો. ઘાટકોપરમાં અધ્યાપક તરીકે રહ્યો. માટુંગામાં બાળ સાધુને ભણાવવા જતો. એ રીતે જ્યાં જે કામ મળે તે કરતો. સાથે ધર્મ-ક્રિયા વ્યાખ્યાન શ્રવણ પૌષધ પ્રતિક્રમણાદિ ક્રિયા કરતો અને કરાવતો હતો. જશવંતે બી. એસ. સી.ની પરીક્ષા પાસ કરી મેં તેને એમ. એસ. સી. થવા કહ્યું પણ તે આગળ ભણી શકયો નહિ. પછી મુંબઈ આવ્યો. મેં તેને ભાખરી

આને ત્યાં નોકરી બેસાડયો ટુંકા પગારમાં તેનું મન માન્યું નહિ. સરકારી નોકરી કરવા અરજીઓ આપતાં.

પોરબંદરમાં ધી ગ્રેડીંગ લેબોરેટરીમાં અરજી પાસ થતાં તે પોરબંદર ગયો અને ત્યાં આસીસન્ટ કેમીસ્ટ તરીકે જોડાયો. સં. ૨૦૨૩ માં તેનું લગ્ન લેવાનું નક્કી કર્યું. મારૂં લગ્ન પચીસ વર્ષે થયું. તેમ તેનું લગ્ન પણ પચીસ વર્ષે જ થયું. તેણે અંગ્રેજી અભ્યાસ કર્યો પણ ધાર્મિક અભ્યાસ કર્યો નહિં. મેં ધાર્મિક અભ્યાસ વધુ કર્યો ને અંગ્રેજી પાંચ ધોરણ સુધી જ કર્યો. મારી પચાસમી ઓળીની ઉજવણી શાન્તિનાથ દેરાસરજી પાયધુનીમાં પ્રવચન પૂજક સભાના વિદ્યાર્થીઓ તથા જાસુદબેન પાઠશાળાની બાળીકાઓએ મળી છપનદિગ્કુમારી ને ચોસઠ ઈન્દ્રનો સાથે ઉજવ્યો. મેળાવડો થયો તેમાં તપના ગુણાનુવાદ ગાયા. મેળાવડાના પ્રમુખ મહેસાણા પાઠશાળાના સેક્રેટરી મગનલાલ લીલાચંદ ડોકટર થયા. બેલગામથી ચતુરદાસ નગીનદાસ તથા એકસો આઠના ગોળના ભાઈ બહેનો પણ હતા. જશવંતના સસરા પુનમચંદે સાબરમતી પદ્મનગર સોસાયટીમાં બંગલો કરાવી કલકત્તા છોડી ત્યાં રહેવા આવ્યા હતા. એટલે જાન સાબરમતી લઈ ગયા. લગ્ન મહોત્સવ વિત્યાબાદ એક મહિનો મહેસાણે રહી જશવંત પોરબંદર ગયો અને હું મુંબઈ આવ્યો. મેં ત્રીજો વર્ષીતપ ઉપાડયો. તેનું પારણું પણ પાલીતાણા કર્યું પછી જશવંતે પોરબંદરમાં રૂમ લઈ તે દંપતિ ત્યાં રહેવા લાગ્યાં. તેને એક દીકરી થઈ તેનું જાગૃતિ નામ પાડયું. પછી અમો બધા કુટુંબ સાથે પોરબંદર રહેવા ગયા. હું ત્યાં નામાનું કામ કરતો અને સાધ્વીજીઓનું પોરબંદરમાં ચોમાસું હોવાથી તેઓનો પરિચય થયો તે સાધ્વીઓ સંગમ

નેરની હોવાથી હું તેમને કર્મગ્રંથના અર્થ સમજાવતો હતો પછી પ્રભાસપાટણમાં મુનિમની જરૂર હોવાથી માણેકચંદ ભાઈ જેઓ ભુલીઅન એક્ષચેંજ બીલ્ડીંગમાં જાસુદબેન પાઠ શાળાની નીચે રહેતા હતા. તેમણે મને પત્ર લખી પ્રભાસ-પાટણમાં મુનિમ તરીકે રખાવ્યો. મેં મારા કુંટુંબને પ્રભાસપાટણ તેડાવી લીધું.

સં. ૨૦૨૫ માં ચંદ્રિકાનું લગ્ન મહેસાણામાં જ પુનમ-ચંદ બેન્કરના દીકરા પ્રવીણચંદ વેરે કર્યું. પ્રથમ તેનું સગ-પણ જગુદણ કેશવલાલના દીકરા વેરે કરેલું. પણ તેનું ભણતર ઓછું હોવાથી તેઓએ રૂપીયો પાછો આપ્યો. એટલે બીજો મુરતીઓ શોધીને પરણાવી સં. ૨૦૨૬ માં શાન્તિનાથ સોસાયટીના મકાનનું વાસ્તુ કરી પૂ. કુસુમશ્રી વગેરેને સીમંધર સ્વામીની પ્રતિષ્ઠા વખતે રહેવા માટે જગા આપી. મુંબઈમાં મારી રકમ ચંપકભાઈ કેશવલાલ પાટણ વાળા મરીનડ્રાઈવ રહેતા હતા. તેઓની મારફત વ્યાજે ફેરવતો હતો તેમાં બે આસામીના પૈસા ઘલાઈ જતાં બાકીની રકમ લઈને શાન્તિનાથ સોસાયટીમાં એક પ્લોટ ખરીદી તેમાં ભરી તેના હપ્તા સરકારી લોનના દર સાલ ભરતા હતા. મારે મુંબઈ રહેવાનું હોવાથી ઘરમાંથી એકલાં સોસાયટીમાં રહી શકયાં નહિ તેથી તે જગા ભાડે આપી તેનું ભાડુ આવે તેમાંથી ઘરખર્ચ નીકળતું હતું. સં. ૨૦૨૭ માં ધર્મિષ્ઠાનું લગ્ન લેવાનું નક્કી કર્યું. તેનું સગપણ તે જ્યારે બે વર્ષની હતી ત્યારથી સાલડીવાળા મુંબઈ ભાયખળામાં રહેતા શાન્તિલાલ નથુભાઈના પુત્ર સુરેશકુમાર સાથે કરેલ. તેમણે પણ મહેસાણા અંબીકા સોસાયટીમાં મકાન કરાવેલ. એટલે મુહુર્ત નક્કી કરી અમો બધા પ્રભાસપાટણથી મહે-

સાણા આવ્યા. તે અરસામાં જશવંતના સસરા દેવલોક થતાં હું અમદાવાદ સાબરમતી ગયો. ત્યાં કલકત્તા રહેતા. અંબાસણનાં વતની ચીમનલાલે મને કહ્યું કે કલકત્તા દેરાસરની પેઢીમાં મુનિમની જરૂર છે ત્યાં પગાર સારો મળશે. ધર્મિષ્ઠાનું લગ્ન પતાવી હું શંખેશ્વર પેઢીમાં મહેતાજી તરીકે રહ્યો. મારી સાથે લીંચના બારોટ પ્રતાપજીભાઈ પણ મેનેજર તરીકે રહ્યા. અમો બન્ને ત્યાં બે ત્રણ વર્ષ રહ્યા. મારા મોટાભાઈ મલીચંદ ઉર્ફે મણીલાલ મારી સાથે શંખેશ્વર રહેતા હતા અને ધર્મક્રિયા કરતા હતા. શંખેશ્વર રહ્યા પછી તેમનું જીવન સુધરી ગયું હતું. મેં કલકત્તા જવાનું નક્કી કર્યું. જશવંતને પોરબંદરથી બારેજા બદલી થઇ એટલે તે કુંટુંબ સાથે બારેજા રહેવા લાગ્યો, અને હું શંખેશ્વર હતો. પછી હું કલકત્તા ગયો. ત્યાં મારા ભાઈ પણ આવ્યા. પણ તેમની તબીયત સારી ન હોવાથી દેશમાં મોકલવાનું નક્કી કર્યું.

તેમની ઈચ્છા શીખરજીની યાત્રા કરીને જવાની હોવાથી તેઓ શીખરજી ગયા. મહીને બે મહીને તેમનો પત્ર અત્યાર સુધીમાં તો આવ્યા કરતો. પરંતુ શીખરજી ગયા પછી સમાચાર મળ્યા નહિ. અમોએ શીખરજી જતા યાત્રાળુને પુછતાં તેમના કોઈ સમાચાર મળ્યા નહિ. હું કેનીંગ. સ્ટ્રીટમાં મુનિમ તેમજ અધ્યાપક તરીકે કામ કરતો હતો. વર્ધમાનતપની ઓળી ચાલુ હતી. એક ઓળીનું પારણું તારાબેન કાંકરીઆને ત્યાં થયું. તેમણે હીરાની વીંટી આપી સન્માન કર્યું. મને કહ્યું કે અમારે દીકરાની વહુને ધાર્મિક શીખવવું છે તો તમને અનુકુળતા હોય તો નેપાળ ખટમંડુ જવાનું છે. તમને જેટલો પગાર અહીં મળે છે તેટલો ત્યાં

આપણું ત્યાં ઘર દેરાસર છે. તેનું કામ સંભાળશો અને ઉષાને ભણાવશો. તેઓ તેરાપંથી હોવાથી આપણા સંસ્કાર પાડવાના છે. મેં નેપાળ દેશ જોવાથી ઈચ્છાથી કબુલ કર્યું અને નક્કી કરેલા ટાઈમે ભારતની સરહદ છોડી બસમાં ખટ-મંડુ આવ્યો. રસ્તામાં એક શહેરમાં તેમના વેવાઈની ઓફીસ હતી. ત્યાં તેઓ મળ્યા અને ખુશી થયા ઉષા કલકત્તા હતી. તેને હજી આવવાની વાર હતી હું ખટમંડુમાં બે મહીના રહ્યો. ઘર દેરાસરમાં પુજા સેવા કરતો. અને તેમની ઓફીસમાં પણ બેસતો. ખટમંડુંમાં કાષ્ટના મંડપો ઘણા છે તેથી તેનું કાઠમાંડુ નામ પડ્યું હશે. તેનું અપભ્રંશ ખટમંડુ થયું. ઘરો કાષ્ટના મંડપના આકારે છે. દેવળો ઘણા છે. એક ચોરાશી આસનવાળું કામદેવનું મંદિર પણ હતું, બુદ્ધનું મંદિર નાની ટેકરી પર બે હજાર વર્ષનું જુનું સુવર્ણમંદિર નામે ઓળખાય છે પશુપતિનાથનું મંદિર ગામ બહાર આવેલું છે. ત્યાં પશુઓનું બલીદાન અપાય છે. તે સ્થળને તેઓ પવિત્ર માને છે ત્યાં રૂદ્રાક્ષની માળાઓ બહુ મળે છે. માંસાહારી લોકો હોવાથી વેજીટેરીઅન અને મટન મારકીટ ભેગી જ હતી અને શહેરમાં છડેચોક માંસ વેચાતું હતું. બે મહીના પછી મુંબઈમાં મારા બનેવી. દેવલોક પામ્યા છે તેવો તાર મારા પર આવતાં મારે દેશમાં આવવું પડ્યું. તે વખતે સગાંવહાલાંએ મને કહ્યું કે દીકરા થોડાને દેશાવર ઘણાં એવું કેમ કરો છો. શાન્તિથી છોકરાની જોડે દેશમાં રહો મેં ખટમંડુ જવાનો વિચાર માંડી વાળ્યો. અને બારેજા જશવંત સાથે રહેવા લાગ્યો. ત્યાં ભોગીલાલ મોહનલાલ કું. માં નામા ઠામાનું કામ કરતો હતો. એક વખત અમ-દાવાદમાં મને કાન્તિલાલ ઉજમશીભાઈ મળ્યા. તેમણે કહ્યું

કે હવે તમે નિવૃત્ત થયા છો. તો મારી સાથે બોડેલી આવો ત્યાં તમને વેતન પણ આપશું અને વિદ્યાલયમાં મુનિમને અધ્યાપક તરીકે સેવા આપો મને તો નવું નવું જોવાનું મન હોવાથી બોડેલી ગયો. ત્યાં બે ત્રણ વર્ષ રહ્યો. હવે મારે સાંસારીક કોઈ ઉપાધી રહી ન હતી. છોકરા છોકરીઓને પરણાવી દીધાં. મારી ઉંમર સાઠેક વર્ષની થઈ. જશવંતને એક પુત્ર અને કુલ ત્રણ પુત્રી થઈ. તેને બારેજામાં ખર્ચ જેટલું મળતું હતું અને મહેસાણામાં મારી પત્ની એકલી રહેતી હતી. અવર નવર છોકરીઓ આવતી જતી હતી.

વીરમતી તેના કુટુંબ સાથે આંબલીઆસણ સ્ટેશન પર રહેતી હતી. તેને ચાર પુત્ર ને એક પુત્રી થઈ. પુત્રીનું નામ ઉષા હતું પુત્રમાં મોટાનું નામ સંજય, બીજો કમલેશ, ત્રીજો ભદ્રેશ અને ચોથો મહેન્દ્ર હતો. ચંદ્રિકાને એક પુત્ર ને બે પુત્રી થઈ. પુત્રનું નામ તુષારને એક પુત્રીનું નામ દીપાલી ને બીજીનું નામ હેતલ પાડયું હતું. ધર્મિષ્ઠાને એક પુત્રને બે પુત્રી થઈ પુત્રનું નામ શ્રેણીકને સેજલ અને સ્નેહલ બે પુત્રીનાં નામ હતાં. ચંદ્રિકા તો મહેસાણામાં શુકલવાડામાં જ રહેતી હોવાથી તેની માતાની રોજ ખબર લેતી હતી. આ રીતે બધાં સુખી હતાં. સોસાયટીનું ત્રણસો રૂપીયા ભાડું આવતું. તેથી ઘર ખર્ચ નીકળતો હતો. બોડેલીના કામે એક વખત હું મુંબઈ ગયો. ત્યાં શ્રીપાળનગરના ટ્રસ્ટી લાલચંદભાઇ મળ્યા. તેમણે શ્રીપાળનગરમાં મુનિમની જરૂર છે. એમ કહેવાથી હું શ્રીપાળનગરમાં મુંબઈ રહ્યો. કોઈ જગાએ હું ત્રણ વર્ષથી વધુ રહી શકયો નથી. મારા મોટા જમાઈ પ્રવીણચંદ દેશમાં ધંધામાં નુકશાન પડવાથી મુંબઈ આવ્યા. મેં તેમને સુરેશ કું. ના માલીક જયંતીલાલને ત્યાં

નોકરી રખાવ્યા. તેમને સારૂં ફાવી જતાં મલાડ જૈન સોસાયટીમાં જગા લઈ તેમના કુંટુંબને મુંબઈ તેડાવી લીધાં મારે વખતો વખત કામ પ્રસંગે દેશમાં જવું પડતું. એટલે નોકરી પણ કાયમ રહેતી ન હતી મને બહુ કમાવાની ચીંતા પણ ન હતી. ફરી મુંબઈ ગયો ત્યાં છબીલદાસ અમુલખભાઇને મળ્યો. તેમણે સંગમનેર પાઠશાળાના અધ્યાપક તરીકે રહેવાની સલાહ આપી. તેથી મુંબઈ ન રહેતાં સંગમનેર ગયો. ત્યાં વર્ધમાનતપની પંચાશીમી ઓળી ચાલુ કરી છેલ્લા પંદર વર્ષમાં પાંત્રીસ ઓળી થઈ. તેના પારણા નિમિત્તે સિદ્ધચક્ર પુજન ભણાવાનો સંઘે નિર્ધાર કર્યો. તે વખતે કોઇ મહાત્માને લાવવાનુ પણ નક્કી કર્યું. મને સમાચાર મળ્યા કે જળગામમાં પૂ. આચાર્યદેવશ્રી વિજયભુવનભાનુસૂરિ બીરાજમાન છે. મેં તેમને સંગમનેર પધારવા વિનંતીપત્ર લખ્યો કે મારે વર્ધમાન તપની ઓળીનું પારણું આપની નિશ્રામાં કરવું છે. તો આપને સંઘ સાથે વિનંતી કરવા આવીશું. તે વખતે સુમતીભાઈ ટ્રસ્ટી મુંબઈ ગએલા હોવાથી તેમના આવ્યા પછી વિનંતી કરવા જવાનું રાખ્યું. પૂ. જયઘોષ વિજયના શિષ્ય પૂ. જયસોમ વિજયને પણ વર્ધમાનતપની ઓળી ચાલતી હતી. તેમના પારણા માટે તેમના વતન પીંપળગામ બસવંતવાળા છોટાભાઇએ જળગામ જઈ આચાર્યદેવને પીંપળ ગામ પધારવાની વિનંતી કરી. અમો સમયસર જળગામ પહોંચ્યા નહિ. તેથી વિનંતી તેમની સ્વીકારી લીધી. અને ત્યાંથી વિહાર કરી ચેવલા આવ્યા.

મુંબઈથી સુમતીભાઈ આવ્યા. અને તપાસ કરતાં પૂ. આચાર્યદેવ ચેવલા આવ્યાના સમાચાર મળતાં હું સંગમ

નેરના સંઘ સાથે યેવલા ગયો અને સંગમનેર પધારવાની વિનંતી કરી. ગુરૂદેવે કહ્યું કે તમારી રાહ જોઇ. પરંતુ તમે કોઇ આવ્યા નહિ એટલે પીંપળગામની વિનંતી સ્વીકારી લીધી છે. મેં કહ્યું કે મારે આપની નિશ્રામાં પારણું કરવાનો અભિગ્રહ છે. ત્યારે પૂ. રત્ન સુંદરવિજય મહારાજે મને કહ્યું કે ગુરૂદેવને એકસો આઠમી ઓળી ચાલે છે. તેમને સંગમનેર લઈ જવાનો આગ્રહ કરશો નહિ તેઓ તમારા આગ્રહથી આવે પણ તેમને તકલીફ આપવી ઠીક નથી. તમારે અભિગ્રહ હોય તો પીંપળગામ આવી વાસક્ષેપ લઈ જશો. એટલે અભિગ્રહ સચવાશે પછી અમો સંગમનેર આવ્યા. સંગમનેરવાળાએ મને કહ્યું કે પારણું તો અત્રે જ કરવાનું છે. તમારે પિંપળગામ જવું હોય તો ખુશીથી જઈ આવો. હું પીંપળગામ જઈ વાસક્ષેપ લઈ આવ્યો. ગુરૂદેવે મને કહ્યું કે અહિંથી નાસીકનો સંઘ નીકળવાનો છે તો તમો પારણું કરી તુરત અત્રે આવશો. મેં સંગમનેરના સંઘને વાત કરી, તેમણે સંઘમાં જવાની રજા આપી. પારણું કરીને અને સિદ્ધચક્ર પુજનાદિ મહોત્સવ પતાવીને હું પીંપળગામ ગયો અને સંઘ સાથે વણી મુકામે આવ્યો. ગુરૂદેવે હું વિહાર કરી શકું છું. એમ જાણી મને કહ્યું કે હવે દીક્ષા ક્યારે લેવી છે? મેં કહ્યું કે હવે મને કોઇની રોકટોક નથી પરંતુ પ્રમાદ નડે છે. ગુરૂદેવે કહ્યું કે આ ચોમાસા પહેલાં દીક્ષા ન લેવાય તો ચોવીહાર ઉપવાસ કરવા એવો નિયમ લઈને જાઓ તો તમારૂં કામ ફતેહ થશે અને મુંબઈમાં મારી એકસો આઠમી ઓળીના પારણા વખતે દીક્ષા થઈ જશે. હું પણ સંસારથી કંટાળ્યો હતો મને

લાગ્યું કે હવે ઘરમાંથી રજા મળશે અને આવા મોટા સમુદાયમાં જ્ઞાન ધ્યાન સારી રીતે થશે. તેથી મેં હા પાડી. ગુરૂદેવે બાળસાધુ કુલબોધિ વિજય પાસે નિયમ અપાવ્યો. હું નાસીક સંઘ સાથે પહોંચ્યો.

**દીક્ષાની તૈયારી :**

નાસીકમાં મારૂ દીક્ષાર્થી તરીકેનું સન્માન કરાવી મને મહેસાણા મોકલ્યો અને કહ્યું કે તમો બધાની રજા લઈ તમારૂં કામ આટોપી જલ્દી મુંબઇ આવો. મારા પારણા પહેલાં મુંબઇ આવી જશો. ગુરૂદેવને વંદન કરી હું મહેસાણા આવ્યો અને નિયમ લીધાની વાત કરી. શરૂઆતમાં તો ઘરમાં બધાં ના પાડવા લાગ્યાં પણ મેં સમજાવીને કહ્યું કે સંસારમાં પણ હું તમારી સાથે તો રહી શકતો નથી અને દેશાવર ફર્યા કરૂં છું. હવે તમારા કહેવા મુજબ બધું કામ પતી ગયું છે તો મને રોકી રાખવાની તમારે શી જરૂર છે. તમારે છોકરા પાસે કંઈ માગવું પડે તેવું રાખ્યું નથી તમારે એકલાને ત્રણસો રૂપિયા ભાડું આવે તે વાપરવાનું છે. તમો કહો તો મકાન વેચીને રકમ વ્યાજે મુકીએ તેણે કહ્યું કે જસવંતને પુછીને જે કરવું હોય તે કરો. પછી હું બારેજા ગયો અને જસવંતને બધી હકીકત સમજાવી. તેણે દુખાતા દીલે રજા આપી. મેં સોસાયટીના ભાડુતને કહ્યું કે તમે જગા ખાલી કરો તો મારે સોસાયટીનું મકાન વેચવું છે. અગર તમે વેચાણ લ્યો તો ખાલી કરાવાની માથાકુટ રહે નહિ. મેં પચાસ હજારની છેવટે માગણી કરી તેણે પિસ્તાલીસ હજાર કહ્યા. એટલે મકાન વેચવાનું માંડી વાળ્યું. મારી પત્નીને મેં મુંબઈ સાથે આવવા કહ્યું તેણે કહ્યું કે ઝઘડીઆજીની યાત્રા કરીને પછી મુંબઈ જઈશું. મેં કબુલ કર્યું ને અંકલેશ્વર ઉતરીને અમો ઝઘડીઆજી ગયા. તે વખતે ગુરૂદેવ સાથે

પત્રવ્યવહાર ચાલતો હોવાથી તેમનો તાર ઝઘડીઆ આવ્યો કે જલ્દી મુંબઈ આવો. અમો ઝઘડીઆની યાત્રા કરી મુંબઈ આવ્યા. લાલબાગની ધર્મશાળામાં ઉતારો મળ્યો. તે વખતે ગુરૂદેવને પારણા કરાવાની જુદી જુદી બોલીઓ થતી હતી. મેં પાંચ વર્ષમાં સોઓળી પુરી કરવાનો અભિગ્રહ કર્યો. તેથી એક બોલીનો આદેશ મને મળ્યો. બારેક બોલીઓ જુદી જુદી રીતે થઈ. પારણાના દિવસે નાણ મંડાતાં મેં સજોડે બ્રહ્મચર્ય વ્રત ઉચ્ચર્યું. મારી સાથે ઘણા ભાઈબહેનોની દીક્ષા થવાની હતી. તેમાં મૂખ્ય પુનમચંદજી બાબુ હતા. તેઓ નાસીકના સંઘમાં પણ સાથે હતા. તેમના નામ ઉપરથી દીક્ષાનું મુહૂર્ત કઢાવેલ તો વૈશાખ સુદ ૩ નું આવતાં બે મહીનાની વાર હોવાથી વાયણાં ચાલુ થયાં. તેમાં સૂર્યકાન્ત ભાઈનું આખુ કુંટુંબ દીક્ષા લેનારું હતું. તેઓ અમારી જોડે જ ઉતર્યા હતા. તેમનો બાબો દશવર્ષનો પણ દીક્ષા લેવાનો હતો એકનેર ગામના વતની હતા. બીજા એકનારના પટેલ હતા એક વીસનગરના પટેલ હતા. બહેનો પણ ચાર છ હતી મેં ગુરૂદેવને કહ્યું કે મારી ઈચ્છા પુના મારા મામા મામીઓને મળવા જવાની છે. તેમણે કહ્યું કે ત્યાં પણ સંઘમાં તમારી દીક્ષાની વાત જણાવશો એટલે તેઓ બહુમાન કરશે. ગુરૂદેવની રજા લઈ હું પુના અઠવાડીયું જઈ આવ્યો. મારી દીકરી વીરમતી મલાડમાં રહેતી હતી એટલે મલાડમાં તેને તેમજ બીજાં સગાંવહાલાંને મળી આવ્યાં.

**દીક્ષા પ્રસંગ :**

અમારૂં દીક્ષાનું સ્થળ મલાડમાં નકકી થતાં. દીક્ષાની કુમકુમ પત્રીકાઓ બધે મોકલાવી અમારા ભાણેજ કાંદીવલીમાં રહેતા હતા. તેને ત્યાં જઈ ને આમંત્રણ આપી આવ્યા.

મહેસાણાથી ચંદ્રિકા વગેરે વખતસર આવી ગયાં. બારેજાથી જશવંત બધા કુટુંબ સાથે આવી ગયો. પુનાથી મામા અને માસી આવ્યા ભાઈઓ આવ્યા. સાંગણપુરવાળા પણ મુંબઈ રહેતા હતા તે બધા આવ્યા. અમારા સોળજણની દીક્ષા થઈ. તેમાં હું અને પુનમચંદ બાબુ ગુરૂદેવના શિષ્ય થયા બીજા પ્રશિષ્ય થયા સૂર્યકાન્તને રવીકાન્ત પૂ. જય ઘોષ વિજયના શિષ્ય થયા. નેરવાળા શિવસાગર તેમના દાદા જિતેન્દ્ર વિજયના શિષ્ય થયા. નારવાળા અનંત બોધિ વિજય તેમના ભાઈના શિષ્ય થયા. વિમળ બોધી વિજય બાળ સાધુ વરબોધી વિજયના શિષ્ય થયા. હિરણ્ય બોધિ વિજય હેમચંદ્ર વિજયના શિષ્ય થયા બીજી છ બહેનોની દીક્ષા થઈ. વીસનગરના પટેલ ચંદ્રરત્ન વિજય હેમરત્ન વિજયના શિષ્ય થયા. તે પછી હંસ રત્ન વિજયની દીક્ષા થઇ તે પરમહંસ વિજયના શિષ્યબન્યા, કલ્યાણબોધિ વિજયની દીક્ષા કાંદીવલીમાં થઈ તે હેમચંદ્ર વિજયના શિષ્ય થયા. જેઠ સુદ ૪ ના વડી દીક્ષા માટુંગામાં થઈ.

**પ્રથમ ચાતુર્માસ :**

લાલબાગમાં પ્રથમ ચોમાસું થયું. નાના સાધુઓ મારી પાસે રાત્રે સ્વાધ્યાય કરતા દિવસે હું સંસ્કૃત અભ્યાસ કરતો ને વાંચન કરતો. પૂ. આચાર્ય દેવ વિબુધ પ્રભસૂરિના શિષ્ય જગદ્-ચંદ્ર વિજય તેમજ પૂ. ભકિત સૂરિના સમુદાયના વીરવિજય મહારાજ દેવચંદ્રવિજય, હેમચંદ્રવિજય, વગેરે પણ અમારી સાથે હતા. ચોમાસું પૂરૂ થતાં અમો ગુરૂદેવની સાથે મુંબઈના પરાઓમાં વિચરવા લાગ્યા. શાન્તાક્રુઝને મુલુંડમાં શીબીરો થઈ.

### દ્વિતીય ચાતુર્માસ :

બીજું ચોમાસું પૂ. ધર્મજિતવિજય સાથે દાદર આરાધના ભુવનમાં કરવા મોકલ્યો તેમણે મને કમ્મ પયડી કરાવી. બીજું જે જે વાંચન કરતો તેની સંક્ષિપ્ત નોંધ લખતો. પૂ. ધર્મજિત વિજય મને કહે કે આટલું બધું લખો છો તો એકસો આઠ પુસ્તક છપાવાના હશે. મેં કહ્યું કે મને લખવાનો શોખ બહુ છે. છપાવાનું તો ભવિષ્યમાં જ્યારે બને ત્યારે ખરું ? પજુસણ કરાવવા ડીલા-ઈલિરોડની માંગણી હોવાથી મને એકલાને પૂ. આચર્યદેવની સંમતિથી મોકલ્યો ત્યાં મેં એકલાએ પજુશણ કરાવ્યાં.

અઠ્ઠાઈ મહોત્સવ અંગે સંઘમાં વાત કરતાં તેઓએ અઠ્ઠાઈ મહોત્સવ ઉજવવા નક્કી કર્યું તે અંગે પત્રિકા છપાવી પૂ. ધર્મજિતવિજયે તેમના શિષ્ય સોમજિત વિજયને મારી સાથે રાખ્યા. ચોમાસામાં બે ઓળી કરી બધી મળી નેવું ઓળી થઇ. ચોમાસા પછી શ્રીપાલનગર ગયો. ત્યાં ઉત્તરાધ્યયનના જોગ કર્યા. પછી અમારે બધાને અમદાવાદ આવવાનું થયું. મારે નેવુમી ઓળી ચાલતી હતી. તેનું પારણું કરાવવા બારેજાનો સંઘ જસવંતની સાથે સુરત આવ્યો. પરંતુ સુરતથી બારેજા જલ્દી પહોંચાય તેમ ન હોવાથી કરજણ મુકામે ઓળીનું પારણું થયું. સાબરમતી પૂ. આચાર્યદેવ શ્રી વિજય ભદ્રંકરસૂરિ હસ્તક બાળકની દીક્ષા થઇ. અમદાવાદ જ્ઞાનમંદિરમાં પૂ. આચાર્યદેવ શ્રી વિજયરામચંદ્ર સૂરિનાં દર્શન થયાં. અમદાવાદના દરેક પરામાં ફર્યા પછી ગુરૂદેવને અમારી સંસારી બહેને ઓળીનું પારણું મને સાલડી કરાવવા વિનંતી કરતાં મારી સાથે પૂ. કીર્તિરત્ન વિજયને મોકલ્યા. અમો બન્ને સાલડી ગયા. ત્યાં રૂચક સૂરિની નિશ્રામાં એકાણુમીઓળીનું પારણું થયું.

ગુરૂદેવનું ચોમાસું સુરત હોવાથી. તેઓ અમદાવાદથી વિહાર કરી સુરત તરફ ગયા અને અમને લખ્યું કે તમે ઉંદરા એકભાઈને દીક્ષાઆપી ને કૈચલ મહોત્સવ પતાવી જલ્દી આવો અમો ઉંદરા ગયા અને એકભાઈને દીક્ષા આપી પૂ. ચંદ્રશેખરના શિષ્ય બનાવ્યા. બીજા એક બાળકને દીક્ષા આપી હેમ પ્રભવિજયનો શિષ્ય બનાવ્યો. તે પછી શંખેશ્વર થઈ કૈચલ મહોત્સવ પતાવી વડોદરા સુધી આવ્યા ત્યારે ગુરૂદેવનો પત્ર આવ્યો કે તમારે પેટલાદ ચોમાસું કરવાનું છે એટલે અમો વડોદરાથી પેટલાદ ગયા ત્યાં ફરી માણસ મોકલી કહેવરાવ્યું કે પેટલાદ માટે બીજાને મોકલશું. પરંતુ મોરબી તમારે બન્ને એ જવાનું છે.

**તૃતિય ચાતુર્માસ :**

વરસાદના દિવસો નજીક હોવાથી અમો ઉગ્ર વિહાર કરી મોરબી પહોંચ્યાને મોરબી ચોમાસું કર્યું. હું સ્તવનો લખતો હતો તે ત્યાંના ટ્રસ્ટી છબીભાઈએ જોઈને મને કહ્યું કે એક પુસ્તક અમારા સંઘ તરફથી છપાવો. મેં કલ્યાણક સ્તવન ટોડર નામે પુસ્તક છપાવાનું નક્કી કર્યું. તેમાં એકસો વીશ ચૈત્યવંદન સ્તવનને સ્તુતિઓ ચોવીસ તીર્થંકરના એકસોવીશ કલ્યાણકના હિસાબે પાંચ પાંચ ચોવીશીઓ લખી તૈયાર કરી વઢવાણ હીરચંદ જે શેઠ ઉપર છાપવા મોકલી પૂ. ગુરૂદેવે મને લખ્યું કે પ્રુફ સુરેન્દ્રનગરમાં ચાતુર્માસ રહેલ જિનેન્દ્ર વિજય મહારાજ તપાસે તો મને મોકલશો નહિ. મેં પૂ. જિનેન્દ્ર વિજયને પ્રુફ તપાસી આપવા લખ્યું. તેમણે પ્રુફ તપાસી છપાવ્યું. તેની એક હજાર નકલના ચાર હજાર રૂપિયાં મોરબી સંઘે આપ્યા. એ રીતે પ્રથમ પુસ્તક તૈયાર થયું. મારી બાણુમી ઓળીનું પારણું મોરબી સંઘ પુજન કરાવવાપૂર્વક એકભાઈને ત્યાં

થયું. ચોમાસું પુરૂ થતાં મારે ત્રાણુમીઓળી ચાલતી હતી તે વખતે જસવંતનો પત્ર આવ્યો કે પૂ. ચારૂયશાને પાંચસો આંબેલનુ પારણું મહેસાણા કરાવવું છે તે અંગે સિદ્ધચક્ર પુજન રાખેલ છે. તમારી ઓળીનું પારણુ પણ સાથે આવે તેમ તુરત વિહાર કરી મહેસાણા પધારશો પૂ. આચાર્યદેવની આજ્ઞા મંગાવેલી તો આવી ગઈ છે. ગુરૂદેવનો પત્ર મારા પર મોરબી આવ્યો ને મહેસાણા જવાનું લખ્યું. પૂ. કીર્તિરત્નવિજયે મને કહ્યું કે પારણાની વાર છે ત્યાં સુધીમાં ગીરનારની યાત્રા કરીને મહેસાણા પહોંચી જવાશે. મેં કબુલ કર્યું ને ઉગ્ર વિહાર કરી ગીરનારની યાત્રા કરી પછી તેમણે મને કહ્યું કે પારણું મોડું કરવાનું રાખો તો પાલીતાણા યાત્રા કરીને મહેસાણે જઈએ. મેં કહ્યું કે ચારૂયશાશ્રીના પારણા વખતે ત્યાં પહોચવું જોઈએ. પાલીતાણા પછી જવાશે પણ તેઓએ માન્યું નહિ એટલે મેં ગુરૂદેવને લખ્યું કે તમે પૂ. કીર્તિરત્ન વિજયને તારથી લખો કે તે મહેસાણે તુરત આવે અને પાલીતાણા જાય નહિ. ગુરૂદેવનો તાર જુનાગઢ મળ્યો. એટલે પૂ. કીર્તિરત્ન વિજય મારી સાથે મહેસાણા આવ્યા. તેમનું તથા મારૂં ઓળીનું પારણું અને ચારૂયશાશ્રીનું પાંચસો આંબેલનું પારણુંની પત્રીકા છપાવી પૂ કૈલાસ સાગર સૂરિ તથા પૂ ભદ્રગુપ્ત વિજય મહારાજ તથા પૂ. કુલચંદ્રવિજયની નિશ્રામાં મારૂં ત્રાણુમીઓળીનું પારણું થયું. ત્યાંથી લીંચ ઓચ્છવ હોવાથી લીંચ ગયા અને ત્યાંથી વેડા, સો વર્ષની દેરાસરની ઉજવણી હોવાથી વેડા ગયા ત્યાંથી અમદાવાદ આવ્યા. મારે નિત્યાનંદવિજય સાથે મુંબઈ ચોમાસું કરવા જવાનું હતું. પરંતુ પૂ. કીર્તિરત્નવિજય મહારાજે કહ્યું કે તેમની તબીયત ઠીક નથી તેથી

રસ્તામાં તમને હેરાનગતિ થશે. માટે અકલંકવિજયને સાથે લઈ જશો નહિં. પૂ. નિત્યાનંદવિજય બીજાને લઈને મુંબઈ ગયા હું અમદાવાદ વિદ્યાશાળામાં પૂ. કનકચંદ્રસૂરિ સાથે રહ્યો ત્યાં શાન્તિનાથ ભગવાનનું ચરિત્ર છપાવ્યું. તે પુસ્તકમાં તેમજ મોરબી છપાવા આપેલ પુસ્તક છાપીને કીરચંદભાઈ અમદાવાદ મને બતાવવા આવ્યા. આ બન્ને પુસ્તકોમાં પૂ. કનકચંદ્રસૂરિ મહારાજે પ્રસ્તાવના લખી આપી મહેસાણામાં અમારા સંસારી બહેન તરફથી ઋષભદેવ ચરિત્ર છપાવ્યું. અને રામપુરા ભંકોડાના સંઘ તરફથી નેમનાથ અને કૃષ્ણ ચરિત્ર છપાવ્યું. એ રીતે ચાર પુસ્તક છપાવ્યાં.

એક ઓળીનું પારણું અમદાવાદ શામળાની પોળમાં થયું. બીજું પારણું પણ અમદાવામાં થવાનું નક્કી હતું. પરંતુ ગુરૂદેવે મને સાણંદ તેડાવી સાણંદ પારણું કરાવ્યું. ત્યાંથી ગુરૂદેવ સાથે અમો શંખેશ્વર આવ્યા ત્યાં પૂ. આચાર્યદેવ શ્રી વિજયરામચંદ્રસૂરિ મળ્યા. મને મારા ગુરૂદેવ તેમની પાસે લઈ ગયા અને લખવાની બાધા આપવા કહ્યું. પૂ. આચાર્યદેવે કહ્યું કે સાધુને લખવાની બાધા કેમ અપાય? તેમણે કહ્યું કે તે જેમ ફાવે તેમ લખે છે. ત્યારે આચાર્યદેવે કહ્યું. કે તમે તેના ગુરૂ છો તો તમારે તેનું લખાણ તપાસી લેવું જોઇએ. મારા ગુરૂએ કહ્યું કે મને ફુરસદ મળતી નથી. તેથી મેં આચાર્યદેવને કહ્યું કે મારા ગુરૂને ફુરસદ મળતી નથી તેથી આપના શિષ્ય કનકચંદ્રસૂરિને બતાવી તેમની પ્રસ્તાવના લઈને પુસ્તક છપાવ્યાં છે. તો પણ ગુરૂદેવે બાધા આપવા કહેતાં આચાર્યદેવે મને કહ્યું કે તમારા ગુરૂને બતાવીને છપાવવું એ રીતે મને બાધા આપી. પછી હું બે નકલ બનાવી એક ગુરૂ મહારાજને આપતો અને

એક નકલ સુરત પૂ. ચીદાનંદસૂરિને છાપવા મોકલતો. ગુરૂદેવે મને પૂ. વિદ્યાનંદવિજય સાથે હારીજ ચોમાસુ કરવા કહ્યું. મેં કહ્યું કે મારે આપની સાથેજ ચોમાસું કરવું છે. અલગ કરવું નથી. તેમણે કહ્યું કે વિદ્યાનંદ વિજયની સાથે જવા કોઈ તૈયાર નથી તેથી તમારે જ જવું પડશે.

**ચતુર્થ ચાતુર્માસ :**

તેમની આજ્ઞા થતાં હું હારીજ પૂ. વિદ્યાનંદ વિજય સાથે ચોમાસું કરવા ગયો. હારીજમાં નેમનાથ ભગવાન મૂળનાયક હોવાથી મેં સંઘને કહ્યું કે રામપુરા ભંકોડાના સંઘ તરફથી જ્ઞાન ખાતેથી નેમનાથ અને શ્રીકૃષ્ણ ચરિત્ર છપાવ્યું છે. તમો તેની રકમ એક હજાર નકલના એક હજાર રૂપીયા કરાવી આપો તો તે પુસ્તકો મંગાવું ? સંઘના કહેવાથી તે પુસ્તકો વઢવાણ ફીરચંદ શેઠે પાસેથી મંગાવ્યાં અને દશ દશ પુસ્તકના ગ્રાહકો ઉભા કર્યા. તેમાં કોઈએ પચાસ તો કોઈએ પચીસને છેવટે દશ દશ નકલો નોંધાવી એમાં નકલ દીઠ એક રૂપીઓ લઈને એક હજાર નકલ ખપાવી. ત્યારે પૂ. વિદ્યાનંદ વિજયે સંઘમાંથી જાહેર કર્યું કે આ પુસ્તક કોઈએ લેવું નહિ અને લખાએલા પૈસા કોઈએ આપવા નહિ, મેં કહ્યું કે સંઘના કહેવાથી પુસ્તકો મંગાવ્યા છે. અહિં નેમનાથ ભગવાન બીરાજમાન છે. તેમની નિશ્રામાં તેમના પુસ્તકનો વિરોધ કરે તેને હું ગુરૂ કે સાધુ માનતો નથી અલબત તેમાં ભુલ હોયતો બીજી આવૃત્તિમાં સુધારો કરશું. પણ ભગવાનના ચરિત્રનો વિરોધ કરનાર ને હું ગુરૂ માનતો નથી કે સાધુ માનતો નથી. આ બાબતમાં મારા ગુરૂ મહરાજના ઠપકાનો પત્ર મારા પર આવ્યો મેં તેમને રાજીનામું લખીને મોકલ્યું. અને પૂ. દેવેન્દ્ર

સાગરને લખ્યું કે મારે તમારા સમુદાયમાં આવવું છે. તેમણે મને લખ્યું કે ચાણસ્મા પૂર્ણાનંદ સાગર સાથે થઈ જશો. ચોમાસામાં પુસ્તક પ્રકાશન અંગે ઉપાશ્રયની બાજુમાં રહેતા વકીલ અમૃતલાલ મણીલાલે રકમ એકઠી કરી આપી. તેમણે કહ્યું કે તમારા ગુરૂનો ઠપકો આપશે. તો અમે લખીશું આવા સારા કાર્યમાં વિરોધ કરવો ઠીક નથી. છતાં કેટલાક વિદ્યાનંદ વિજયના ભક્તોએ લખાવેલ રકમ આપી નહિ. સાતસો રૂપીયા પત્યા અને ત્રણસો બાકી રહ્યા, પુસ્તકો જેને જોઈતાં હતાં તેને આપ્યાં બાકીનાં સાધુ સાધ્વીને શીરનામા મુજબ સમુદાય દીઠ એકેક નકલ મોકલાવી. હારીજ ચોમાસુ પુરૂ થતાં હું ચાણસ્મા જવાનો હતો તે જાણી હારીજના સંઘે મને કહ્યું કે તમે બન્ને સાથે આવ્યા છો તો સાથે ગચ્છાધિપતિ રામચંદ્રસૂરિ પાસે પાટણ જાઓ. પછી તમારે જેમ કરવું હોય તેમ કરશો હું પાટણ ગયો.

પૂ. રામચંદ્ર સૂરિ પાસે એક મહિનો રહ્યો. તેમણે પ્રદ્યોતન સૂરિ સાથે અમદાવાદ જવાનું કહ્યું તેજ વખતે મારા ગુરૂ પાલણપુર ચોમાસું કરી પાટણ આવ્યા અને મારી પાસેથી ઓઘો પાછો માગ્યો. મેં તેમને આપ્યો. પછી તેઓ પૂ. રામચંદ્ર સુરિને મળ્યા. તેમણે કહ્યું કે તેણે રાજીનામું ભલે આપ્યું. પરંતુ તમો તેને સાથે રાખો. પછી ગુરૂદેવની સાથે પાટણથી વિહાર કરી મહેસાણા આવ્યો. મારા સંસારી ઘરે ગુરૂદેવનાં પગલાં કરાવ્યાં. ગુરૂદેવે મારા સંસારી પત્નિને બધી હકીકત કહી. તેણીએ ગુરૂદેવને કહ્યું કે તમો તમારી સાથેજ રાખો. ચોમાસું અલગ કરાવ્યું. તેથી આવું પરિણામ આવ્યું છે મોરબીના ચોમાસામાં તેમને કડવો અનુભવ થયો તેથી તેમણે હારીજ ચોમાસું કરવાની ના પાડી હતી છતાં

તમે બીજાની સાથે મોકલ્યા. તમે બીજાના શિષ્ય બનાવતા હતા ત્યારે પણ મેં ના પાડી હતી અને તમારો શિષ્ય બનાવો તોજ દીક્ષા આપો એમ કહ્યું હતું. તે મુજબ તમે તમારા શિષ્ય બનાવ્યા છે. હવે જુદા રાખશો નહિ. ત્યાંથી વિહાર કરી અમદાવાદ આવ્યા; વિદ્યાશાળામાં ચિદાનંદ સુરિએ પાર્શ્વ-નાથને આદિનાથ ચરિત્ર એ પુસ્તક છાપીને મોકલ્યું તે મારા ગુરૂદેવે વાંચ્યું. તેમણે કહ્યું કે હજુ તારી પ્રવૃતિ ચાલુજ છે? તેમને અણગમો થવાથી તે પુસ્તકો બહારગામ મોકલી દીધાં અને પાંચસો પુસ્તકો બાકી રહ્યાં તે જશવંત ગીરધરલાલ બુકસેલરને ત્યાં વેચવા મુકયાં પછી કલીકુંડ શીબીર હોવાથી અમો કલીકુંડ જવા સારૂ ચલોડા સુધી આવ્યા ત્યારે ગુરૂ-દેવે મને કહ્યું કે તમે અમદાવાદ પુરંદર વિજયને મણકાનું ઓપરેશન છે તો તેની સારવારમાં જાઓ મેં કહ્યું કે હું કલીકુંડ દર્શન કરીને જઈશ. તેમણે કહ્યું કે પછી તમારે કલીકુંડ આવવાનું છે. તો હમણાં ત્યાં જાઓ હું પદ્મસેન વિજયની સાથે અમદાવાદ કલ્યાણ સોસાયટી ગયો, પૂ. પુરંદરવિજયનું મણકાનું ઓપરેશન સારી રીતે થઈ ગયું અને હું ત્યાં બે ચાર મુનિ મહાત્માઓ સાથે રહ્યો હતો.

પૂ. ચિદાનંદસૂરિને મેં કલીકુંડ જવાનું લખેલ તેથી તેમણે મહાવીર ચરિત્ર છાપીને એક નકલ કલીકુંડ મોકલી તે મારા ગુરૂને મળી. તેમાં આચાર્યોના અભિપ્રાયો હતા. મારા ગુરૂને તે વસ્તુ ગમી નહિ તેથી પદ્મસેન વિજય ઉપર પત્ર લખ્યો કે, અકલંક વિજયનું રાજીનામું સ્વીકાર્યું છે. તેમને જયાં જવું હોય ત્યાં જવા દેશો. તે પત્ર મને પદ્મસેન વિજયે વાંચી સંભળાવ્યો. તે જ વખતે મને અરૂણ વિજય

(ભક્તિ સૂરિના) મળ્યા તેમણે મને કહ્યું. કે હું પાલીતાણા જાઉં છું અને ત્યાં મારી સંસારી માતુશ્રીને પારણું વર્ષી-તપનું છે. તે પછી ભાવનગર શીબીરમાં જવાનું છે. તમારે સાથે આવવું હોય તો આવો. મેં તેમની સાથે જવાનું નક્કી કર્યું અને બાવળા મુકામે ભેગા થવાનું રાખ્યું. હું સરખેજ થઈને બાવળા આવ્યો ત્યાં પૂ. વરબોધી વિજય મહારાજ તથા પૂ. મુક્તિ દર્શન વિજય મહારાજ વગેરે મળ્યા. તેમણે મને કહ્યું કે કલીકુંડ નજીક છે તો તમો કલી-કુંડ ગુરૂદેવને મળીને જાઓ તેમના કહેવાથી હું કલીકુંડ ગયો. અરૂણવિજયને કોઠ ભેગા થવા કહ્યું. કલીકુંડમાં ગુરૂદેવને વંદન કર્યું. ગુરૂદેવ ધ્યાનમાં હતાં. તેથી કંઈપણ બોલ્યા નહિ. રત્ન સુંદર વિજય મહારાજે મને કહ્યું કે તમારે એક ઓળીનું પારણું પાલીતણા કરવાની ભાવના છે. તો પાલી-તાણા જાઓ. પછી હું ગુરૂદેવને સમજાવીશ. હું મારી ઉપધિ પેઢીમાં મૂકીને લેવા જેટલી ઉપધિ લઈને કોઠ ગયો ત્યાં અરૂણ વિજય મળ્યા. તે વખતે મારી પાસે સ્થાપનાચાર્ય ન હોવાથી કોઠના સંઘ પાસેથી લીધા. તેમને મેરૂ પ્રભસૂરિએ વાપરવા આપ્યા હતા. તે વાત અરૂણવિજયને ગમી નહિ. પછી મને કહ્યું કે તમારા સમુદાયમાં બધા સાધુ ઉપધિ પોતે જ ઉપાડે છે તેથી તેમની પાસે માણસ હોવા છતાં અને તેમનાં પોટકાં ઉપાડવા છતાં મારી ઉપાધિ મારે જાતે જ ઉપાડીને વિહાર કરવો પડતો હતો. હું પાલીતાણા પહોંચ્યો ત્યાં પૂ. આચાર્યદેવ રૂચકચંદ્રસૂરિ મળ્યા. તેમણે મને કહ્યું કે મારી સાથે તળાજા ચોમાસું કરજો. હમણાં તમારે ભાવનગર શીબી-રમાં જવું હોય તો જાઓ હું ભાવનગર આવવાનો છું. તો ત્યાંથી તળાજા સાથે જઇશું.

પંચમ ચાતુર્માસ :

મેં એક ઓળીનું પારણું પાલીતાણા કર્યું. પછી ભાવનગર ગયો તે દિવસે પૂ. આચાર્યદેવ મેરૂપ્રભસૂરિના શિષ્ય માનતુંગવિજયની પન્યાસ પદવી હતી. તે પ્રસંગે સંજમ વિજય આવ્યા હતા. સંજમ વિજયે મને કહ્યું કે મારૂં ચોમાસું કૃષ્ણનગરમાં છે. હું એકલો છું. તમે મારી સાથે રહો તો સારૂં મેં કહ્યું પૂ. રૂચકચંદ્રસૂરિ ભાવનગર આવવાના છે તેઓની આજ્ઞા હશે તે પ્રમાણે કરીશ. તેમણે કહ્યું કે "બહુ સારૂં તેઓ અમારા સમુદાયના જ છે પછી રૂચકચંદ્ર-સૂરિ ભાવનગર આવ્યા અને મને કહ્યું કે સંજમવિજય અમારા સમુદાયના છે. તમો તેની સાથે ચોમાસું કરશો તો પુસ્તક પ્રકાશનનું કામ સારૂં થશે. અમો તળાજા ચોમાસું કરી ભાવનગર આવવાના છીએ. તો તમારી સોમી ઓળીનું પારણું અમે કરાવશું. તો તમે બીજે કયાંઈ જશો નહિ. તેમના કહેવા મુજબ હું ભાવનગર રહ્યો અને કૃષ્ણ-નગરમાં સંજમ વિજય સાથે ચોમાસું કર્યું. પૂ. ચીદાનંદ સૂરિએ મહાવીર ચરિત્ર જૈન રામાયણ છાપીને મોકલ્યાં તે પડતર કિંમતે આપી દીધાં. ચોમાસામાં પુસ્તક પ્રકાશન અંગે સારી રકમ ભેગી થઈ. આત્માનંદ સભાના સભ્ય હિંમતલાલ અને પચંકૃત ત્યાં અઠ્ઠાણુમી ઓળીનુ પારણું થયું. તેમના રૂા. ૧૧૧૧ પુસ્તક પ્રકાશનમાં આપ્યા દસેક હજાર ની ટીપ થઇ ચેઈય થયચુઈ સજ્ઝાય માળા નામનું આઠમું પુસ્તક છપાવ્યું. તે પુસ્તકની રકમ છહજાર પાંચસો પ્રેસમાં ભરાવ્યા બાકીની રકમ સુરત મોકલાવી જેસરવાળા માસ્તરના કહેવાથી શુક રાજાની કથાને શત્રુંજય મહાત્મ્ય નવમું પુસ્તક છપાવ્યું. સુરતથી ધર્મનો દરવાજો યાને સમકિતના સડસઠ બોલની

સજ્ઝાય દશમુ પુષ્પ છપાઈને આવ્યું. મારૂં જીવન ચરિત્ર અગિયારમું પુષ્પ અને કુમારપાળ ચરિત્ર બારમું પુષ્પ તેમજ ભક્તાકર કથા અર્થ સહિત તેરમુ પુષ્પ એમ ત્રણ પુસ્તક બીજા પણ છપાઈને આવ્યાં.... એટલે મોરબી હારીજને ભાવનગર ત્રણ ચોમાસામાં તેર પુસ્તક છપાયાં નવાણુંમી ઓળીનું બીજું પારણું પૂ. આચાર્ય દેવ મેરૂપ્રભસૂરિની નિશ્રામાં પટ્ટણીને ત્યાં થયું.

## સો ઓળીનું પારણું :

પૂ. આચાર્યદેવ કૈલાસ સાગર સૂરિમહારાજ ભાવનગર ચોમાસા પછી આવ્યા. તેમણે મનેસો ઓળીનું પારણું શીહોર કરાવવા કહ્યું. પરંતુ પૂ. આચાર્યદેવ રૂચકચંદ્રસૂરિએ પ્રથમ કહેલું હોવાથી તેઓ ભાવનગર આવીને મને લઈ ગયા.

હું તેમની સાથે તળાજા મહુવાદાઠાં વગેરે સ્થળે યાત્રા કરી ચૈત્રીઓળી તળાજા કરાવાની હોવાથી તળાજા આવ્યા. મેં આચાર્યદેવને કહ્યું કે સોમીઓળીનું પારણું તળાજા રાખો તો મારાં સંસારી સગાંવહાલાં આવી શકે. પાલીતાણામાં વૈશાખ સુદ ૩ના પારણા વખતે કયાંઈ જગા મળે નહિ તેથી આવી શકે નહિ. તેમણે કહ્યું કે મારા શિષ્યને વર્ષી તપનું પારણું પાલીતાણા કરવાનું છે. એટલે તમારૂં ને તેનું પારણું સાથે થશે અને ઉજમણું હિંમત વિહારમાં ગોઠવશું. મેં કહ્યું કે જો કોઈ પાલીતાણા નહિ આવે તો હું આયંબી-લથી પારણું કરીશ. પછી તેઓ આવશે ત્યાં એકાસણાથી પારણું કરીશ. તેમણે તેમ કરવા હા પાડી તેથી ચૈત્રીઓળી તળાજા કરાવી અમો પાલીતાણા આવ્યા. અને અરિહંત એપાર્ટમેન્ટમાં કોઈ શ્રાવકના બંગલામાં ઉતર્યા. ચૈત્ર વદ

૮નો પ્રવેશ થયો તે સાલ હસ્તગિરિની પ્રતિષ્ઠા હોવાથી હું આચાર્ય દેવની આજ્ઞાથી હસ્તગિરિદર્શન કરવા ગયો. ત્યાંના કાર્યકર્તા કાન્તિલાલ મણીલાલ ઝવેરીએ હસ્તગિરિમાં પારણું કરવા કહ્યું અને મુક્તિનિલયમાં જગા આપી તેથી સંસારી સગાંવહાલાંને તેડાવ્યા. પૂ. પુરંદરવિજયના સંસારી પુત્રો અશોક દીલીપબાબુની મુક્તિનિલયની જગા અમોને મળી તેથી વૈશાખ સુદ ૪નું પારણું આયંબીલથી એકતીથીવાળા આચાર્યદેવો મંગળપ્રભસૂરિ, ચંદ્રોદયસૂરિ, યશોદેવસૂરિ રૂચકચંદ્રસૂરિ, નરેન્દ્રસાગર વગેરેની નિશ્રામાં થયું. અગ્યાર છોડનું ઉજમણું અને પંચાન્હિકા મહોત્સવ હિંમતવિહારમાં ઉજવાયો પાંચમનો ઉપવાસ કરી હું હસ્તગિરિ ગયો. બધાં સગાંવહાલાં પણ હસ્તગિરિ આવ્યાં અને સુદ ૬નું પારણુ પૂ. આચાર્યદેવ શ્રી વિજય રામચંદ્રસૂરિની નિશ્રામાં થયું. પછી સગાંવહાલાં વિદાય થયાં તે હું પાલીતાણા આવ્યો. જસવંત તેની માતાજી તથા વીરમતી ચંદ્રિકા ધર્મિષ્ઠાના ઘરના તથા સેવંતી રમણ વગેરે ભાણેજના ઘરનાં બધાં આવ્યાં હતાં. પુનેથી આવેલ શ્રાવકો સાથે પુનાના બે છોડ ભરાવેલા મોકલી આપ્યા. જસવંતના બે છોડ જસવંત લઈ ગયો અને બીજા જયાં જરૂર હતી ત્યાં મોકલાવી દીધા. પૂ. આચાર્યદેવ રૂચકચંદ્રસૂરિ પાલીતાણાથી વિહાર કરી ગયા હોવાથી હું મહારાષ્ટ્ર ભુવનમાં પૂ. આચાર્યદેવ સુદર્શનસૂરિ સાથે રહ્યો.

**છઠ્ઠું ચાતુર્માસ :**

પછી સાંડેરાવમાં ચંદ્રોદયસુરિને મળ્યો તેમણે મારું ચોમાસું લીંબડી નક્કી કરી આપ્યું ને મારી સાથે ક્ષમાનંદ વિજયને મોકલ્યાં. લીંબડીમાં પુસ્તક પ્રકાશન અંગે ટીપ થઈ સી. એન. છાત્રાલયના ભૂતકાળના વિદ્યાર્થી ત્રંબકલાલ

ભાઈએ કર્મ ગ્રંથનું પુસ્તક છપાવવા એક હજાર આપ્યા એટલે છ કર્મ ગ્રંથ સાર ભા-૧ પુષ્પ ૧૪,મું છપાવ્યું પછી નળ-દમયંતી ચરિત્ર પુષ્પ-૧૫ તેમજ જૈનકથાઓ-ભા-૧ પુષ્પ ૧૭, અને છ કર્મગ્રંથસાર ભા-૨ પુષ્પ ૧૮ એટલાં પુસ્તકો લીંબડી છપાવ્યાં. પ્રકરણ ભાષ્યસાર પુષ્પ-૧૬ મું સુરતથી છપાઈને આવ્યું એ રીતે ચાર ચોમાસામાં અઢાર પુસ્તકો છપાવ્યા.

લીંબડી પુસ્તકપ્રકાશન અંગે મારે બાર મહિના રહેવું પડયું. પછી નવસારીથી પૂ. ચીદાનંદ સૂરિનો તાર આવ્યો કે જલ્દી વિહાર કરીને આવો એટલે લીંબડીથી વિહાર કરી નવસારી આવ્યો મને મંદરબાર મોકલવાનો હતો. પરંતુ બીલીમોરાવાળા મગનભાઈ વિધિકાર નવસારી આવેલા તેમણે આચાર્ય દેવને કહ્યું કે બીલીમોરા માટે એક મહારાજને ચોમાસું કરવા મોકલો.

**સાતમું ચાતુર્માસ :**

તેમની વિશેષ માગણી હોવાથી હું આચાર્યદેવની આજ્ઞાથી બીલીમોરા આવ્યોને બીલીમોરા ચોમાસું કર્યું. સંઘ તરફથી જૈનકથાઓ ભા-૨ પુષ્પ ૧૯, છપાવ્યું પછી કવિનશાહનો પરિચય થતાં તેઓને અકલંક ગ્રંથમાળાના સેક્રેટરી બનાવી પંજાબ નેશનલ બેંકમાં અકલંક ગ્રંથમાળા નામનું ખાતું ખોલાવી તેમાં રકમ ભરવા માંડી બીલીમોરામાં વીશ હજારનો ફાળો થયો. અને બહારથી વીશેક હજાર આવ્યા એટલે પુસ્તકો છપાવા માંડયાં. જૈન સજ્ઝાયમાળા ભા-૧ પુષ્પ ૨૦, ભોગોપભોગ વિરમયણવ્રત પુષ્પ ૨૧ કુવલય માળા કથા પુષ્પ ૨૨ સામાયિક પ્રતિક્રમણ અને અષ્ટકર્મ ઉપરની કથાઓ

પુષ્પ-૨૩ નીલકમંજરી પુષ્પ-૨૪ જૈનકથાઓ ભાગ-૩ પુષ્પ ૨૫ વૈરાગ્યનું અમૃતયાને સમરાદિત્ય ચરિત્ર પુષ્પ ૨૬ એટલાં પુસ્તક સુરતને બીલીમોરામાં છપાવ્યાં. મારૂં ભાવનગર ચોમાસું હતું. ત્યારે ગુરૂદેવનું નવસારી ચોમાસું હતું. મારૂં લીંબડી ચોમાસું થયું ત્યારે ગુરુદેવનું પુના થયું પુનાથી મારું લખાણ જે મેં ગુરુદેવને આપેલ તે પૂ રત્નસુંદર મહારાજે લીંબડી મોકલી આપ્યું હતું. તે બધું છાપવા પાલીતાણા સી. પી. પ્રીન્ટર્સને મોકલ્યું. તેઓ ઋષભદેવ ચરિત્ર સ્તવનો સાથે પુષ્પ ૨૭, શાંતિનાથ ચરિત્ર પુષ્પ ૨૮ નેમિનાથ ચરિત્ર પુષ્પ ૨૯, પાર્શ્વનાથ ચરિત્ર પુષ્પ ૩૦, મહાવીરચરિત્ર પુષ્પ ૩૧ અને જૈન રામાયણ પુષ્પ ૩૨ એમ છ પુસ્તક સ્તવનો સાથે છાપીને મોકાલ્યા એટલે કુલ ચૌદ પુસ્તક બીલીમોરાના ચોમાસામાં છપાવ્યાં પછી નંદરબાર ચોમાસું કરવા પૂ. ચીદાનંદસૂરિના લખાણથી વિહાર કરીને ગયો. ત્યાં ચોમાસાની વાર હોવાથી અને ખાપરમાં એકસોઆઠ છોડનું ઉજમણું તથા પ્રતિષ્ઠા હોવાથી આચાર્યદેવની આજ્ઞાથી ખાપર ગયો. ત્યાં પૂ. પં નરદેવ સાગર મહારાજ મળ્યા.

**આઠમું ચાતુર્માસ :**

ત્યાં પંદર દિવસ રહ્યો. પૂ. નરદેવ સાગરે મારૂ નેત્રંગ ચોમાસું નક્કી કરી આપ્યું. નેત્રંગવાળા મારી ઉપધિ પુસ્તક પાનું લઈ ગયા. ત્યાંના સંઘમાં મતભેદ થતાં બધું પાછું આપી ગયા. તેથી ખાપરના સંઘે મને કહ્યું કે અમોને આપનો અચાનક લાભ મળ્યો છે. તો આપ અહિંજ ચોમાસું કરો. પૂ. ચીદાનંદ સૂરિની આજ્ઞા મંગાવી લેશું.

મેં પણ આચાર્યદેવને ખાપરની વિનંતી છે તેમ પત્ર લખ્યો. તેમની આજ્ઞા આવતાં ખાપર ચોમાસું કર્યું. ખાપરમાં પ્રતિષ્ઠા વખતે ખર્ચ ઘણો કરેલ તેથી ખાસ પુસ્તક પ્રકાશનમાં રકમ થઈ નહિ. તેમજ ત્યાં પ્રેસ ગુજરાતી ન હોવાથી ત્યાં કોઈ પુસ્તક છપાયું નહિ. ચોમાસું પુરૂં કરી હું સુરત આવ્યો. ત્યાંથી પોષ દશમીના મેળા પ્રસંગે આલીપોર આવ્યો. ત્યાં પૂ. આચાર્યદેવ શ્રી કલ્યાણ સાગરસૂરિ મળ્યા. તેમને મેં કહ્યું કે મારે મુંબઈ જવા વિચાર છે. તેઓએ કહ્યું કે આ ચોમાસુ મારી સાથે વડાચૌટા સુરત કરો. મુંબઈ જશો નહિ તેમના આગ્રહથી હું સુરત આવ્યો. બીલીમોરામાં પૂ. આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરિ, વિજય સુબોધસૂરિ અને વિજય લબ્ધી સૂરિ વગેરે મળ્યા. તેમની સાથે નવસારી થઈને સુરત આવ્યો, લીંમડીમાં ફરી વર્ધમાન તપનો પાયો નાખી બાવીસ ઓળી કરી હતી. પછી બીલીમોરાનાં ચોમાસામાં વલસાડ અને ગણદેવી થઈને ત્રીશેક ઓળી થઈને ખાપરમાં પણ ત્રણ ચાર ઓળી થઈ. એક ઓળીનું પારણું સુરતે નાનપુરામાં પૂ. આચાર્યદેવ શ્રી પ્રેમસૂરિની નિશ્રામાં પુધરાવાળા રમણભાઈને ત્યાં થયું. તેમણે પુસ્તક પ્રકાશનમાં એક હજાર આપ્યા. બીજી ઓળીનું પારણું પૂ. પદ્મસાગરસૂરિ સુરત પધારતાં તેમની નિશ્રામાં બારડોલીવાળા ડોક્ટરને ત્યાં વડાચૌટામાં થયું. તેમણે પણ એક હજાર રૂપીઆ પુસ્તક પ્રકાશનમાં આપ્યા.

**નવમું ચાતુર્માસ :**

પૂ. કલ્યાણ સાગર ભૂરિ વડાચૌટા મને એકલાને મુકીને તેઓ ભીલાડ ગયા. તે દરમીયાન રકમ ભેગી થતાં નવીનચંદ મોતીચંદ મંડપવાળા હસ્તક યુનાઈટેડ બેન્કમાં અકલંક

ગ્રંથમાળાનું ખાતું ખોલાવી તેમાં ભર્યા અને પુસ્તક પ્રકાશનનું કામ ચાલુ કર્યું. ભક્તિ મુક્તિ પર્યૂષણપર્વ માળા પુષ્પ-૩૩, ભૂર્ભુવઃ સ્વઃ ભા-૧ પુષ્પ ૩૪, શાંબપ્રદ્યુમ્નચરિત્ર પુષ્પ-૩૫, વીશસ્થાનકની કથાઓ પુષ્પ-૩૬ જૈન કથાઓ ભા-૪ પુષ્પ ૩૭ મયણાશ્રી પુષ્પ ૩૮ નેમિવિવાહલો પુષ્પ ૩૯ એમ સાત પુસ્તકો સુરત તથા બીલીમોરા છપાવ્યાં. પૂ. આચાર્ય દેવ કલ્યાણસાગર સૂરિનો અષાઢસુદનો વડાચૌટામ. પ્રવેશ થયો. અઠવાડીયા પછી રાંદેરવાળા પૂ. આચાર્યદેવ પાસે આવ્યા અને કહ્યું કે અમોને ચોમાસા માટે મહારાજ મળતા નથી. એકપણ સાધુ આપો તો અમારૂં ચોમાસું સફળ થાય. આચાર્યદેવે મને કહ્યું કે તમારે રાંદેર સ્વતંત્ર ચોમાસું કરવું હોય તો ક્ષેત્ર સારૂં છે. પુસ્તક પ્રકાશન અંગે રકમ પણ આપશે. રાંદેર સંઘના આગ્રહથી મેં રાંદેર ચોમાસું કર્યું. ત્યાં એક ઓળીનું પારણું સાકરચંદભાઈના ત્યાં થયું. તેમણે એક હજાર રૂપીયા પુસ્તક પ્રકાશનમાં આપ્યા અને બે હજાર રૂપીયા છોટાભાઈએ આપ્યા અને એક હજાર રૂપીયા જયંતિભાઇએ આપ્યા. બીજી પણ પાંચેક હજારની ટીપ થઈ એટલે પુસ્તક છપાવા માંડયાં. મહાબળ મલયા સુંદરી ચરિત્ર પુષ્પ ૪૦, જૈનકથાઓ ભા. ૫. પુષ્પ ૪૧. ભા. ૬ પુષ્પ ૪૨ ભા. ૭. પુષ્પ ૪૩ ભા. ૮ પુષ્પ ૪૪ એ પાંચ પુસ્તક પાલીતાણાથી છપાઈને આવ્યાં. જૈનકથાઓ ભાગ-૯ પુષ્પ ૪૫ ભા-૧૦ પુષ્પ ૪૬ ભા-૧૧ પુષ્પ ૪૭ ચૈત્યવંદન થુઈ સજ્ઝાય માળા પુષ્પ ૪૮ સજ્ઝાયમાળા ભા. ૨ પુષ્પ ૪૯ છ કર્મ ગ્રંથસાર પુષ્પ ૫૦ જૈનદર્શનને શ્રાવક દિન કૃત્ય પુષ્પ ૫૧ એ સાત પુસ્તક સુરત છપાવ્યાં. જૈનકથાઓ ભા. ૧-૨ પુષ્પ પર

ચેઈથયથુઈ સંગ્રહ પુષ્પ ૫૩, ભૂર્ભુવ: સ્વઃ ભા. ૨ પુષ્પ ૫૪ જૈનકથાઓને સુબોધ કથાઓ પુષ્પ ૫૫, સુબોધકથાઓને જૈન દર્શન પુષ્પ ૫૬, બુહદ્દસંગ્રહણી સાથે પુષ્પ ૫૭ જૈનધર્મ પ્રવેશક ભા. ૧ પુષ્પ ૫૮, ઉપમિતિભવ પ્રપંચાકથા ભા. ૧–૨ પુષ્પ ૫૯–૬૦ નુતન સ્તવનાવળી પુષ્પ ૬૧, ઉપદેશ સીત્તરી પુષ્પ ૬૨, સહસ્રકૂટનામાવલી પુષ્પ ૬૩ જૈનકથાઓ ભા. ૧૩ પુષ્પ ૬૪, ભા. ૧૪, પુષ્પ ૬૫ ભા. ૧૫, પુષ્પ–૬૬ જૈન મહાભારત પુષ્પ ૬૭, જૈન ઈતિહાસ પુષ્પ ૬૮, જૈન-ધર્મ પ્રવેશક ભા. ૨ પુષ્પ ૬૯, વસુદેવહિંડ ચરિત્ર પુષ્પ ૭૧, જૈનરામાયણ સચિત્ર પુષ્પ ૭૦ એમ. વીશ પુસ્તકો સુરત તથ: પાલીતાણા છપાવ્યાં.

દશમું ચાતુર્માસ :

પછી ગોધરા સંઘની ચોમાસા માટેની માગણી થતાં. પૂ. આચાર્યદેવશ્રી ચીદાનંદ સૂરિની આજ્ઞાથી ગોધરા ચોમાસું થયું. તેઓ રાંદેરથી ટ્રક ભરીને પુસ્તકો ગોધરા લઇ ગયા. ત્યાંના સંઘ તરફથી જ્ઞાન ખાતેથી દશ હજાર આપ્યા અને દશેક હજારનો ફાળો થયો તેમાંથી સાતેક હજાર રૂપીઆનો ખર્ચ પુસ્તકોના સેટ સાધુ સાધ્વીને મોકલવાનો થયો. નવસ્મરણ પુષ્પ ૭૩, બાર વ્રતની કથાઓ પુષ્પ ૭૨, નવપદ મહાત્મ્ય પુષ્પ ૭૪, સાધુ સાધ્વી આવશ્યક સૂત્રાર્થ પુષ્પ ૭૭, લઘુક્ષેત્ર સમાસ પુષ્પ ૭૫, અકલંક આત્મકથા પુષ્પ ૭૬, ચેઇચથયથુઈ સજ્ઝાયમાળા પુષ્પ ૭૭ જૈનધર્મ પ્રવેશક ભા. ૩ પુષ્પ ૭૮ જૈન કથાઓ ભા. ૧૬ પુષ્પ ૭૯, ભા. ૧૭ પુષ્પ ૮૦ અને નવકારના નોંધ પુષ્પ ૮૧ એ દશ પુસ્તકો સુરત પાલીતાણા અને ગોધરામાં છપાવ્યાં અત્યાર સુધીમાં એકાશીયું ભા–૩ પુસ્તક

તૈયાર થયાં છે. ભવિષ્યમાં એકસો આઠ પુરાં કરવાની ભાવના છે.

વર્ધમાન તપ આંબેલની ફરી પાયો નાખી પીસ્તાળીશ ઓળી થઈ છે. હવે મુંબઈ ચાતુર્માસ કરવાની ભાવના હોવાથી ગોધરાથી મહેસાણા આવ્યો. વીજાપુરમાં પૂ. ચંદ્ર-શેખર વિજય ધરાવાળા મળ્યા. અમારો બન્નેની પાસે હાથગાડી હોવાથી બે માણસ રાખવા પડે તેથી મારી હાથ-ગાડી મહુડીમાં મુકી. અમો મહુડી યાત્રા કરી મહેસાણા આવ્યા. મહેસાણામાં અમારા સંસારી પત્ની મુંબઇ ગયેલ હતા. સંસારી દીકરી ચંદ્રિકા મળી. જશવંત ચંદ્રિકાને તેની માતાજી બધાં ગોધરા વંદન કરવા આવ્યાં હતાં. એટલે મહેસાણા નહિં રોકાતાં અમદાવાદ આવ્યા. અને ત્યાંથી મહાસુદી ૫ ની મઢીમાં પ્રતિષ્ઠા હોવાથી અમો બન્ને મઢી આવ્યા પ્રતિષ્ઠા થયા પછી ત્યાંથી વિહાર કરી બારડોલી થઈને મહા સુદ ૧૨ ના રોજ નવસારી આવ્યા. આત્મકથા લખવાનો હેતુ સંસારની વિચિત્રતા સમજાવી ધન યાવન કુંટુંબ કામિની કાયા બધું અનિત્ય દગાખોરને સ્વાર્થ-મય છે. તેમાં રાચવાથી કેવાં પરિણામ ભોગવવા પડે છે તે પ્રસંગે બતાવ્યું છે. ધન મેળવવા કેટલી ગુલામી કરવી પડે છે. છતાં નશીબ વગર મળતું નથી મળે તો સ્થિર રહેતું નથી. મેં પરિગ્રહનું પરિમાણ એક લાખનું કરેલું છતાં વીશ હજારની રોકડ થતાં મુંબઈ છોડીને દેશમાં રહે-વાનું રાખ્યું. તે વીસ હજાર ખલાસ થતાં ફરી મુંબઈ જવું પડયું. ફરી પણ તેટલી રકમ થઈ. તેમાં પણ વ્યાજના લોભે થોડી રકમ ગુમાવી. પછી મકાનમાં રકમ નાખી ભાડું ઉપજાવ્યું તો મકાન ખાલી કરાવાની મુશ્કેલી ઉભી

થઈ. એમ સાંસારીક દરેક કાર્યોમાં મુશ્કેલીઓ આવી પડે છે. જેમ તેમ કરી જીવન પૂરૂં કરવું તેમાં મનુષ્ય જીવનની સાર્થકતા નથી. તેથી આલંબનૂ મળતાં સંસાર છોડવાની સાચી ભાવના થઈ તો તે ભાવનાબર આવી અને પાંસઠ વર્ષે દીક્ષા થઈ. આજે દીક્ષા લીધે દશ વર્ષ થયાં. તે દરમીયાન વર્ધમાન તપની ૮૯ થી ૧૪૫ સુધી સાઠ ઓળીઓ થઈ અને એકાશી પુસ્તક છપાવ્યાં. હવે બાકીનું જીવન ચારિત્રમાં ચઢતા પરિણામે ગાળવાની ભાવના છે.

સં. ૨૦૦૯ માં ઉપધાન તપની માળ પહેરી ત્યારથી એકાસણાં ચાલે છે. મોટી તપસ્યાના પારણે કોઈ વખત બેસણું પણ કરવું પડે છે. પણ છુટે મોઢે રહેવું ગમતું નથી. લેખનકાર્ય ઘણું ચાલતું હોવાથી સ્વાધ્યાય થતો નથી.

કંચનકામિની અને કુંટુંબની મમતા છોડી દીધી છે. પણ કાયાની મમતા છોડવાની બાકી છે. તેમાં યથાશક્તિ તપશ્ચર્યા થાય છે. છતાં શરીરને વધુ કસવાનું બનતું નથી. મારે દરેક સગાં વહાલાંમાં પૈસાની લેવડ દેવડ થતાં કડવાશ થઈ છે. સગાંવહાલામાં પૈસો ધિરવો નહિ. અને આપ્યા હોય તો માંગવા નહિ. પૈસાથી જ ઝેર વેર થાય છે. જર જમીનને જોરૂ ત્રણે કજીયાના છોરૂ માટે પૈસાને લીધે સગાવહાલામાં કોની કોની સાથે કડવાશ થઈ તે જણાવવું જરૂરી છે. તેથી કુંટુંબ પ્રત્યેનો મોહ ઘટે છે. સાંગણપુર વાળા મણીલાલ મારી દશ હજારની રકમ કેવી રીતે પુરી કરી તે જણાવાનું બાકી છે. તે હવે જણાવવું અસ્થાને નહિ ગણાય. મારી મણી ફોઈનો દીકરો મંગળદાસને હું લગભગ સરખી ઉંમરના હતા. તેની આર્થિક સ્થિતિ ગરમ હોવાથી મેં મણીલાલ ડાહ્યાભાઇને કહયું કે મારી રકમમાંથી

તે માગે તો સો બસો રૂપીયા આપશો અગર તેને નોકરી ધંધે લગાડશો. મંગળદાસ મણીલાલને મળ્યો અને તે બન્ને ભાગમાં સટ્ટાનો ધંધો કરવા લાગ્યા. તે ધંધામાં નુકશાન પડતાં ચાર હજાર રૂપીયા મણીલાલને મંગળદાસ પાસે લેવાના નીકળ્યા. મણીલાલે મને લખ્યું કે તારા ફોઈના દિકરાને તારા કહેવાથી ધંધે લગાડેલ તેમાં ચાર હજાર રૂ. મારે લેવાના થાય છે, તે રૂપીયા તારી જમે રકમમાંથી હું કાપી લઈશ. કારણ કે તે રકમ આપતો નથી. તે પછી મંગળદાસ મારી પાસે મુંબઈ આવ્યો અને કહેવા લાગ્યો કે મારે મણીલાલને પચીસો રૂપીયા આપવાના છે. જો તમે ચીઠી લખી આપો તો મારૂં દેવું પતી જાય. તમોને તે રૂપીઆ આઠ દશ દિવસમાં ભરી દઈશ અગર મારૂં ઘર લખી આપીશ. પણ તમારી રકમ તેમના ત્યાં છે. તો મારૂં કામ પતી જાય મારે બીજા કોઈ પાસે માગવું પડે નહિ. મેં વિચાર્યું કે મણીલાલ મારી પાસેથી ચાર હજાર કાપી લે છે અને આ પચીસોની ચિઠ્ઠી લખી આપવા કહે છે. તો પચીસોની ચીઠ્ઠી લખી આપું તો પંદરશો મણીલાલ પાસે પાછા લઇ શકાશે એમ વિચારી મેં તેને પચીસોની ચીઠ્ઠી લખી આપી. તે મુજબ મણીલાલે પચીસો રૂપીયા મારા ખાતે ઉધારી તેના ખાતે જમે કર્યાં બાકીના પંદરશો રૂપી-યાની મણીલાલે મંગળદાસ પાસેથી બાકી મુકાવી લીધી. તે રકમ ત્રણ વર્ષ સુધીમાં પતી નહિ. છેવટે મારી રકમ પૈકી કેટલીક મારા ખાતે જમે હતી. કેટલીક મરા ધર્મ પત્નિના અને કેટલીક મારા ભાઈના નામે હતી. તથા દીકરાના નામે જમે હતી તેમાં છેલ્લા પંદરસો રૂપીઆ મારી પત્નીના નામે જમે હતી તે રકમનો હવાલો મંગળદાસ

ખાતે નાખી બન્નેનાં ખાતાં ચુકતે કરી દીધાં.

મારા મોટાભાઈના નામે મણીલાલે વાયદાનો વેપાર કરેલ તેમાં નુકશાન બતાવી મારા દીકરાના નામે જે રકમ જમે હતી તેનો હવાલો નાખી તે રકમ ચુકતે કરી મારા ખાતે જે રકમ જમે હતી. તેમાં પચીસોનો હવાલો મંગળદાસનો અને બે હજાર તેમને ખોડીદાસ ગોતમચંદ તેમના પિત્રાઈ ભાઈ પાસે લેણા હતા તે રકમ ન પતવાથી બેહજાર રૂપીઆનો હવાલો નાખી મને જણાવ્યું કે તારી બે હજાર રકમ ખોડીદાસ ગોંતમચંદને ત્યાં વ્યાજે મૂકી છે ખોડીદાસની સ્થિતિ નરમ હોવાથી તે રકમ મને મળી નહિ અંબાલાલ ભાયચંદ ખેરવા વાળાની રકમ પતે તેમ ન હોવાથી તેમણે મને લખ્યું કે તારી રકમ અંબાલાલ ભાયચંદને ત્યાં જમે મુકી છે. તે રકમ પણ મને મળી નહિ એ રીતે જે જે રકમ તેમની પતે તેવી ન હતી તે બધી રકમના હવાલા મારા ખાતે નાખી મારૂં મારી ધર્મપત્નિનું અને મારા દીકરાનું ખાતું ચુકતે કરી દીધું પછી મને ચોપડા બતાવ્યા. મેં કહ્યું કે મને પૂછયા વિના તમે મારી રકમનો હવાલો ગમે ત્યાં નાખી રકમ પુરી કરો તે મને કબુલ નથી. મેં ફક્ત મંગળદાસને પચીસોની ચીઠ્ઠી લખી આપેલી તે શિવાય કોઈના પર ચીઠ્ઠી લખી આપી નથી તેમજ કોઈને આપવા કહેલ નથી તમે ઈરાદાપૂર્વક મારી રકમ આપવી ન પડે માટે જે જે રકમ તમારે પતતી ન હતી તે રકમનો હવાલા નાખી મારી રકમ પુરી કરી છે. મેં ચીમનલાલ વકીલને આ બધી હકીકત કહી. વકીલે કહ્યું કે તમે મણીલાલને ત્યાં રકમ થાપણ તરીકે મુકેલ છે. એટલે તેની મુદત હોય નહિ અને સરકારી ધોરણે વ્યાજ પણ લઈ શકો તો તમો કહો

તો, હું કેશ લડી તમારી રકમ પતાવી આપીશ. કોર્ટ ફીના પૈસા તમારે આપવા પડશે વકીલાતના પૈસા હું લઈશ નહિ. ફક્ત દાવા અંગે જે ખર્ચ થાય તે આપો તો દાવો દાખલ કરૂં. એમ કહી મણીલાલને નોટીસ આપી. મારી પત્નિએ મને કહ્યું કે હરગોવન સાથે દાવો કરીને ફાવ્યા નહિ તેના કરતાં મણીલાલ વધારે કાબેલ છે. એટલે તમે કોર્ટમાં ફાવશો નહિ. નાહક સંગાવહાલામાં વેર ઝેર થશે અને કોર્ટમાં દાવો કરવા રકમ ખર્ચશો તે માથે પડશે માટે હવે પૈસા બગાડશો નહિ. પછી મેં મણીલાલ પર દાવો કર્યો નહિ. મણીલાલના દીકરા શશીકાંત પાસે રકમ માગતાં તેણે કહયું કે જો તમારી રકમ સાચી લેવાની હોત તો નોટીસ આપ્યા પછી દાવો કેમ કર્યો નહિ માટે તમારી વાત ખોટી છે અને મારા પિતાની વાત સાચી છે. એટલે અમો કંઈ આપી શકીએ. તેમ નથી તમારે વ્યવહારીક રીતે જે થતું હોય તે કરી શકો છો મેં મન વાળ્યું અને એમ માની લીધું કે તેઓ મારા પૂર્વ ભવના લેણીઆત હશે. તેથી મારી રકમ લઈ લીધી હશે મારા હાથમાંથી લેશે પણ મારા નશીબમાંથી કોઈ લેશે નહિ. એમ વિચારી સગાવહાલાં પ્રત્યેની મમતા ત્યજી દીધી મારા હિસાબે હરગોવનને મણીલાલ બન્ને વિશ્વાસઘાતી લાગ્યા. મારી ફોઈના દીકરા મંગળદાસે પણ રકમ આપી નહિ કે તેનું ઘર લખી આપ્યું નહિ તેથી તેની સાથે પણ કડવાશ ઊભી થઈ. અધુરામાં પુરૂં મારા જમાઈ પ્રવીણલાલ બારીઆસણ વાળાને પણ તેની ઈજ્જત સાચવવા રકમ આપેલી તે પણ પતી નહિ. એટલે પૈસાને લીધે તેમની સાથેનો સંબંધ પણ તુટયો મારી પત્નિને પણ સગાવહાલામાં રકમ અટપાઈ જતાં મારા પ્રત્યે અણગમો ગયો. અને દીકરાએ વિચાર્યું કે—

*

મારે પણ મારી કમાણીમાંથી કાંઈપણ પિતાને આપવું નહિ કે તેમની પાસેથી લેવું નહિ એટલે તે તો મને કહે કે મારે તો આવક કરતાં ખર્ચ વધારે છે એટલે પૈસાની છુટ નથી એમ કહી તેનો પણ ટેકો મળતો ન હતો ખરે-ખર તેની આવકના પ્રમાણમાં તે ખર્ચ રાખતો હોવાથી પૈસા બચતા નહિ હોય એમ મને ચોક્કસ જણાયું તેથી તેની પાસે હું કંઇ હિસાબ માગતો ન હતો અને મારી પાસે તે કંઈપણ માગતો નહતો. એટલે તેના પ્રત્યે મને સંતોષ હતો. છેવટે સુધી મણીલાલના હરગોવનના, મંગળ-દાસના ખોડીદાસ ગોતંમચંદના કે અંબાલાલ ભાયચંદ ખેરવાવાળાના કોઈની પણ રકમ પતી નહિ. અને મારા જમાઈ પ્રવીણલાલની રકમ પણ પતી નહિ. તે બધા મારા પૂર્વ ભવના લેણીઆત હશે તેમ માની મેં મન વાળ્યું. તે પછી મારો વૈરાગ્ય દઢ થતાં મેં દીક્ષા લીધી. દીક્ષા લેતાં પહેલાં સર્વેને મનથી ખમત ખામણાં કરી લીધા. અને હવે પછી તે વાત ભુલી જવામાં જ સાર માન્યો છે. મારા પિતાનું મોસાળપક્ષ મારૂ મોસાળ પક્ષ મારા પિતાની ફોઈ તથા માસીનો પરિવાર. મારા ફોઈ તથા માસીનો પરિવાર, દીકરા દીકરીઓનો પરિવાર વગેરે તમામ હકીકત લગભગ આવી ગઈ છે. હવે જે બાકી છે તેમાં મારી ફોઈ મણીના પરિવાર સંબંધી લખું છું.

મારી ફોઈને ચાર દીકરી અને એક દીકરો નામે મંગળદાસ છે. તેને પણ પાંચ દીકરાને એક દીકરી થઈ. ફોઈની મોટી દીકરી હીરાને મહેસાણા પ્રભુદાસ દલીચંદ મણીઆર વેરે પરણાવી હતી બીજી ચંપાને અમુલખ તારા ચંદના ત્યાં પ્રેમચંદ રૂપચંદ અમુલખ સાથે પરણાવી ત્રીજી

પુરીને કૈવલ વાડીલાલ મંછાચંદ વેરે પરણાવી ચોથી ગંગાને શાન્તિલાલ વાડીલાલ વેરે પરણાવી તેઓ અમદાવાદ શામળાની પોળમાં ખીજડા શેરીમાં રહે છે. મંગળદાસના પાંચ દીકરામાં મોટો બાબુ પછી મનુ પછી દીનુ, પછી ભરતને છેલ્લો વસંત હતો. દીકરીને રતીલાલ મારફતીઆને ત્યાં મહેસાણે પરણાવી હતી. તેઓ બધા સુખી છે. મારા સસરા પક્ષમાં દલીચંદમણીઆરને ત્રણ જુનીના અને ત્રણ નવીના એમ છ દીકરા હતા જુનીના ત્રણમાં મોહનલાલ ચુનીલાલને છગનલાલ તેમજ નવીના ત્રણમાં પ્રભુદાસ, ચીમનલાલને અમૃતલાલ હતા. મોહનલાલ બે પુત્ર લહેરચંદ અને બબલદાસ તે બન્નેને એકેક દીકરી હતી. પણ દીકરો કોઈને ન હતો. લહેરચંદની દીકરી ભદ્રાને પાંચોટવાળા ચંદુલાલ વિઠ્ઠલદાસ સાથે અને બબલચંદની દીકરી લીલીને મારી સાથે પરણાવી હતી. ચુનીલાલને વૃજલાલ નામે પુત્ર હતો તેને કંઈ સંતાન ન હોવાથી નિર્વંશ ગુજરી ગયા. છગનલાલને પોપટલાલ નામે પુત્ર તેને બાબુ અને શાન્તિ નામે બે પુત્ર હતા તેઓ અમદાવાદ રહે છે પ્રભુદાસને જુનીનો ચંપકલાલ નામે પુત્રને મણી નામે પુત્રી હતી. ચંપકલાલને બે પુત્રને એક પુત્રી હતી. મણીને કોલાપુર પરણાવી હતી. નવીને હરગોવનને કંચન નામે બે પુત્ર થયા તેને પણ પ્રવીણચંદ્ર રાજેન્દ્રકુમાર વગેરે ત્રણ પુત્ર થયા. કંચનને પણ પુત્ર પુત્રીઓ થઈ દલીચંદ મણીઆરની દીકરી શકરીને લીચ છોટાલાલ ગોદડચંદ વેરે પરણાવેલી તેને ભાયલાલ નામે પુત્ર અને કાન્તા વિમળા, સોમી અને સુશીલા નામે ચાર પુત્રીઓ થઈ ત્રણને પાચોટ અને એકને કૈવલ પરણાવી હતી આ પ્રમાણે બહુ ટુંકમાં સગાં વહાલાં કુટુંબીઓનો ખ્યાલ

આપ્યો છે ટુંકો સાર જોઈએ તો સ્ત્રીપુત્ર કે કુંટુંબીજને બધું જગત સ્વાર્થમય છે. તેની મમતા છોડી દીક્ષા લેવં તે સાર છે.

નવસારી ડૉ. બાબુલાલ એચ. શાહ વિધિકારના હસ્તક નવા પુસ્તકનું વિમોચન કરાવી, વિહાર કરતાં કરત ભાઈંદર ફાગણ સુદ ૧ ના આવ્યાં. ત્યાં પૂ. મિત્રાનંદ સાગર મહારાજ મળ્યા. તેમની સાથે ચૈત્રી ઓળી બોરીવલી પૈનગર આદિનાથ જૈન મંદિરમાં કરાવાની વિનંતી થતાં તેનો સ્વિકાર કર્યો. દહીંસરમાં મારા સંસારી જમાઈ પ્રવીણચંદ અંબા લાલને ત્યાં પગલાં કરી બોરીવલી, કાંદીવલી, મલાડ આવ્યા ત્યાં મામલતદાર વાડીમાં ફાગણ ચૌદશ કરાવી. તેઓએ ચાતુર્માસ માટે વિનંતી કરી. અમોએ કહ્યું કે ચૈત્રી ઓળ વખતે નક્કી કરીશું. તે પછી પારલા જઈ આવ્યા. પૂ.ભદ્રગુ સૂરિનો મેળાપ થયો—ત્યાંથી પાછા મલાડ આવ્યા અને મામલતદાર વાડીના ટ્રસ્ટીઓની જોરદાર માગણી થતાં ચાતુ ર્માસની જય બોલાવી ચૈત્રી ઓળી કરાવવા પૈનગર બોરીવલ આવ્યા. હવે, ગોડાજીની પ્રતિષ્ઠા પાયધુની જવાની ભાવના છે

( અનુસંધાન ટાઈટલ ૨ નું ચાલુ )

૩૪. ભૂર્ભુવઃ સ્વઃ ભા-૧
૩૫. શાંબપ્રદ્યુમ્ન ચરિત્ર
૩૬. વીશસ્થાનકની કથાઓ
૩૭. જૈન કથાઓ ભા. ૪
૩૮. મયણા શ્રીપાળ
૩૯. નેમિ વિવાહલો
૪૦. મહાબળ મલયા સુંદરી ચરિત્ર
૪૧. જૈનકથાઓ ભા-૫
૪૨. જૈન કથાઓ ભા-૬
૪૩. જૈન કથાઓ ભા-૭
૪૪. જૈન કથાઓ ભાગ-૮
૪૫. જૈન કથાઓ ભાગ-૯
૪૬. જૈન કથાઓ ભાગ-૧૦
૪૭. જૈન કથાઓ ભાગ-૧૧
૪૮. જૈન ચેઈયથયથુઈસ. જ્ઝાયમાળા ભા-૨
૪૯. સજ્ઝાયમાળા ભા-૨
૫૦. છકર્મગ્રંથસાર
૫૧. જૈન દર્શનને શ્રાવક દિન કૃત્ય
૫૨. જૈન કથાઓ ભાગ-૧૨
૫૩. ચેઈયથયથુઈ સંગ્રહ
૫૪. ભૂર્ભુવઃ સ્વઃ ભા-૨
૫૫. જૈન કથાઓ સુબોધ કથાઓ
૫૬. સુબોધ કથાઓ જૈન દર્શન
૫૭. બૃહદ્ સંગ્રહણી સાર્થ
૫૮. જૈન ધર્મ પ્રવેશક ભા-૧
૫૯. ઉપમિતિ ભવ પ્રપંચા-કથા ભા-૧
૬૦. ઉપમિતિભવ પ્રપંચા-કથા ભા-૨
૬૧. નુતન સ્તવનાવળી
૬૨. ઉપદેશસીત્તરી
૬૩. સહસ્રકુટનામાવલી
૬૪. જૈન કથાઓ ભા-૧૩
૬૫. જૈનકથાઓ ભા-૧૪
૬૬. જૈનકથાઓ ભાગ-૧૫
૬૭. જૈન મહા ભારત
૬૮. જૈન ઈતિહાસ
૬૯. જૈનધર્મ પ્રવેશક ભા-૨
૭૦. જૈન રામાયણ
૭૧. વસુદેવહિંડચરિત્ર
૭૨. સમકિત મૂળ બાર વ્રતની કથાઓ
૭૩. નવ સ્મરણમૂળ
૭૪ નવપદ મહાત્મ્ય
૭૫. લઘુક્ષેત્ર સમાસસાર્થ
૭૬. અકલંક આત્મકથા
૭૭. સાધુસાધ્વી આવશ્યક સૂત્રાર્થ
૭૮. ચેઈય થયુ ઈસજ્ઝાય માળા ભા-૩
૭૯. જૈન કથાઓ ભા-૧૬,
૮૦. જૈન કથાઓ-૧૭
૮૧. નવકારના જાપની નોંધ

# અભિપ્રાય

મુનિ અકલંક વિજયજીએ કુલ ૧૦૮ પુસ્તકોનું પ્રકાશન કરવાનું વિચાર્યું છે અને એમાં ૮૧ પુસ્તકો છપાયા છે. આ પ્રકાશન પ્રવૃત્તિ પાછળનો હેતુ દૃષ્ટાંત કથાઓ ચરિત્રો અને આત્મવૃંતાંતો દ્વારા લોકોમાં ધાર્મિક રૂચી ઊભી કરી તેમને સદાચાર અને સદ્ધર્મ તરફ વાળવાનો છે. સમાજના સામાન્ય સ્તરના મોટા સમુદાયને આવી દૃષ્ટાંત કથાઓમાં રસ પડે છે. એટલું જ નહિ પરંતુ એમના જીવન ઉપર પણ થોડે ઘણે અંશે એની અસર થાય છે. આ શુભ પ્રવૃત્તિ બદલ તપસ્વી મુનિ અકલંક વિજયજી ધન્યવાદને પાત્ર છે.

લિ.

મુગટલાલ પો. બાવીશી
ડો. પી. એચ. ડી.
૪/૪ સાંઈ એપાર્ટમેન્ટ
હવાડીઆ ચકલા પાછળ
સુરત–૩૯૫૦૦૩